## સુવિચાર

''સારા માણસને પ્રશંસાની પડી નથી હોતી. કારણ કે, ફૂલ પર અત્તર છાંટવાની જરૂર જ નથી હોતી.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૯/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com


સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.





તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૮ વર્ષ : ૧૬ અંક : ૨૩૩


## ૫ રૂપિયાનાં બિસ્કિટનાં પેકેટ ઉપર તમામ જાણકારી દર્શાવવાનો નિયમ હોય અને

# ૫ કરોડ રૂપિયાનો માર્ગ બનતો હોય તો તેની કોઈ જાણકારી નહી

**અમરેલીમાં ચિતલ રોડ, વરસડા રોડ, ધારી રોડ બનતો હોય તે અંગેની કોઈ જાણકારી અપાતી નથી**

**રોડ બનાવનાર એજન્સીએ માર્ગ-મકાન વિભાગ સાથે મિલીભગત કરી હોય તેવું જોવા મળી રહ્યું છે**

**શહેરમાં જુદા-જુદા રોડ બનતા હોય એકપણ જનપ્રતિનિધિ રોડની ગુણવત્તાની ચકાસણી કરતાં નથી**

**રોડ બને ક્યારે તે તો રામ જાણે પણ શહેરીજનોની પરેશાની હાલ વધી છે તે નક્કી**



અમરેલી, તા. ૧૩

દેશમાં જયારે કોઈ કંપનીને ૫ રૂપિયામાં મળતું બિસ્કિટ, વેફર્સ કે અન્ય કોઈ ફરસાણનું પેકેટ વેચવું હોય કે ૧૦, ૨૦, ૩૦ રૂપિયા દૂધ, દહીં, છાશ વેચવી હોય તો તેની તમામ માહિત પેકિંગ ઉપર દર્શાવવી જરૂરી છે. પરંતુ જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાથી બનતા માર્ગો, મકાનો, પુલો અંગેની માહિતી જાહેર જનતાને આપવામાં આવતી નથી.

અમરેલીમાં જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાથી ચિતલ રોડ, વરસડા રોડ, લીલીયા રોડ, ધારી રોડ બની રહ્યા છે તે રોડ કઈ એજન્સી બનાવે છે, કેટલા રૂપિયાનો ખર્ચ થશે, કયારે કામ શરૂ થયું, કયારે કામ પૂર્ણ થશે, તેમાં શું ચીજવસ્તુઓનો ઉપયોગ થશે તે અંગેની કોઈ જાણકારી જાહેર જનતાને આપવામાં આવતી નથી.

જોકે માર્ગ–મકાન વિભાગ દ્વારા જે–તે એજન્સીને સુચના હોય છે કે માર્ગ અંગેની સઘળી માહિતી દર્શાવતું સાઈનબોર્ડ કામનાં સ્થળે લગાવવાનું હોય છે. પરંતુ તે નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો અમરેલીમાં થતો જોવા મળી રહ્યો છે.

જો કે માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓનાં આશીર્વાદ વગર માર્ગ બનાવનાર એજન્સી નિયમોનો ઉલાળીયો ન કરે તે સમજી શકાય તેમ છે.

પરંતુ દુ:ખદાયક બાબત એ છે કે જનપ્રતિનિધિઓ પણ માર્ગ અંગેની માહિતી જાહેર કરવા અધિકારી કે એજન્સીને સુચના આપતા નથી. એટલે તમામ શંકાનાં દાયરામાં આવી રહ્યા છે.











### કોઈ અગમ્ય કારણોસર છરીનાં ૧૦ જેટલા ઘા ઝીંકી દીધા

# ખાંભાના માલકનેસ ગામના ૩૦ વર્ષિય યુવકની કોઈ અજાણ્યા ઈસમોએ હત્યા કરી નાખતાં ચકચાર

### પરિવારજનો યુવકનાં મૃતદેહને લઈને રાજુલા હોસ્પિટલે પહોંચ્યા

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના માલકનેસ ગામે એક ૩૦ વર્ષીય યુવકને કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર ૧૦ જેટલા છરીના ઘા મારી કરપીણ હત્યા કરી નાંખતા મૃતકના મૃતદેહ રાજુલા હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે. આ હત્યાની ઘટનાથી એએસપી જયવીર ગઢવી સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરેલ છે. આ બનાવમાં મૃતકના પરિજનોના નિવેદન લઈને મોડી રાત્રે હત્યાનો ગુન્હો નોંધાશે તેમ જાણવા મળેલ છે.



પરિવારજનોએ યુવકના મૃતદેહ રાજુલા હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ખાંભા તાલુકાના માલકનેસ ગામે રહેતા મેહુલ સોલંકી નામના ૩૦ વર્ષીય યુવકને આજે કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર ઉપરા ઉપરી ૧૦ જેટલા છરીના આડેધડ ઘા મારી કરપીણ હત્યા કરી નાંખી હતી. બાદમાં યુવકના આ હત્યાની ઘટનાથી એએસપી જયવીર ગઢવી સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરેલ છે. આ બનાવમાં મૃતકના પરિજનોના નિવેદન લઈને મોડી રાત્રે હત્યાનો ગુન્હો નોંધાશે તેમ જાણવા મળેલ છે.






### મહારાષ્ટ્રનાં નાગપુર જિલ્લામાંથી દબોચી લેવાયો

# અમરેલીમાં ૨૫ વર્ષ પહેલા કાર લઈ ફરાર થયેલ આરોપી ઝડપાયો

### એસપીની સુચનાથી એલસીબીની કામગીરી

અમરેલી, તા. ૧૩

અમરેલીના છેતરપીંડી અને વિસઘાતના ગુન્હામાં ૨૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને અમરેલી એલ.સી.બી. ટીમે મહારાષ્ટ્રના નાગપુર પંથકમાંથી પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ બનવાની વિગત એવા પ્રકારની છે કે, અમરેલીમાં રહેતા માધાભાઈ મનજીભાઈ દેસાઈને સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના


અનુસંધાન પાના ૬ ઉપર
















### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# ગીર ગઢડા : પોક્સોનાં ગુન્હામાં ૪ માસથી નાસતા–ફરતા આરોપીને ઝડપી લેવાયો

## તેલગણા રાજયનાં વિકારાબાદ જિલ્લામાંથી અટકાયત



ગીર ગઢડા, તા. ૧૩

ગીરગઢડાપોલીસસ્ટેશનમાં પોકસોએકટ કલમ ૪,૬,૧૦મુજબનો ગુન્હોગઈ તા. ૧૧/૫/૨૦૨૫નાંદાખલ થયેલહોય. આ કામનોઆરોપી પોતાની સાથે ભોગ બનનારને લઈ ગુન્હો કરી છેલ્લાચાર મહિનાથી નાસી ગયેલહોય. જે ગુન્હાના કામનાંઆરોપીનેતાત્કાલીક પકડી પાડવા સુચના આપવામાંઆવેલ હોય. જે સુચનાઆધારે જરૂરી ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સનાં માધ્યમથી નાસી જનાર આરોપી હાર્દિકભાઈ રાઘવભાઈ સોલંકી રહે. ફાટસર ગામ તા. ગીરગઢડા તા. ૧૨/૯/૨૦૨૫ નાં કલાક ૧૧/૫ વાગ્યે તેલગણા રાજયના વિકારબાદ ખાતેથી પકડી પાડી મજકુર આરોપીને ધોરણસર અટક કરવામાં આવેલ છે. આ કામગીરી પો.સબ.ઈન્સ વી.એન. મોરવાડીયા ગીર ગઢડા પોલીસ સ્ટેશન તથા એ.એસ.આઈ ભરતભાઈ કાનજીભાઈ પાથર તથા પો. હેડ. કોન્સ કલ્પેશભાઈ કરશનભાઈ તથા પો. કોન્સ હિતેશભાઈ અરશીભાઈ ગીર ગઢડા પો. સ્ટે.ની પોલસ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠી : નાના રાજકોટનાં તળાવનાં સમારકામ માટે રૂપિયા ૩૧.૨૮ લાખ મંજૂર

## પ્રોજેક્ટ પૂરો થવાથી જળસંગ્રહ વધશે



અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામમાં આવેલા તળાવના સમારકામ માટે રાજય સરકારે ૩૧.૨૮ લાખનો ખર્ચ મંજૂર કર્યો છે. આ તળાવના રિપેરિંગની સૈદ્ધાંતિક મંજૂરી મળતાં સ્થાનિક લોકોમાંખુશીનો માહોલ છે. આ કામગીરી માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સતત રજૂઆતો કરી હતી.


નાના રાજકોટ ગામનું આ તળાવ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદી પાણીનો સંગ્રહ ન થવાને કારણે આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો થયો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સરકારમાં અનેકવાર રજૂઆતો કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે ૩૧.૨૮ લાખના ખર્ચે તળાવના સમારકામ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.

આ કામગીરીમાં તળાવનું નવીનીકરણ, પાળાનું સમારકામ, ઊંડું ઉતારવું અને ગેટ–રેલિંગ સહિતના કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટ પૂર્ણ થવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનાથી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે અને ખેડૂતોને પણ ફાયદો થશે. તળાવના વિકાસથી ગામની સુંદરતામાં પણ વધારો થશે અને પશુઓ માટે પણ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ધારાસભ્ય તળાવીયાએ આ મંજૂરી બદલ રાજય સરકાર અને સંબંધિત વિભાગનો આભાર વ્યકત કર્યો છે.

### કોઈ વ્યકિત ભૂખ્યા ન સુવે તે માટે

# ચિત્તલનાં એક નિવૃત્ત કર્મચારી સ્વખર્ચે છેલ્લા ૩ વર્ષથી ''ખીચડી'' રથ ચલાવે છે

## દરરોજ સાંજે ગીરનારી ખીચડી ખવડાવે છે



ચિત્તલ, તા. ૧૩

ચિત્તલ રહેતા નિવૃત એસ.ટી. ડ્રાઈવર પદુભા સરવૈયાએ પોતાનુ પેન્શન ભારતીય સેના સૌનિક ફંડમાં આ જીવન લખાવી દીધા બાદ આજથી ત્રણ વર્ષ પહેલા પોતાના જન્મદિવસે (૧૫/૯)નારોજ કોઈ ભુખ્યુ ન સુવે એ હેતુ ચિત્તલ ગામમાં જરૂરિયાતમંદ ભુખ્યાને દરરોજ સાંજે ભોજન ગીરનારી ખીચડી ખવરાવી સેવા કરી ટાઢ, તડકો, ચોમાસુ ૩૬૫ દિવસ અવિરત દરરોજ સાંજે સેવા આપી પછી લોકો જોડાતા ગયા. આજે લોકો પોતાના જન્મદિવસે પૂણ્યતિથિ–શ્રાધ્ધ તમામ સારા પ્રસંગોએ યાદ કરી ''પદુભા''ને ખીચડીસેવા લખાવી રહ્યા છે. જોતજોતામાં આજે તેમના જન્મદિવસે ચોથા વર્ષમાં પ્રવેશ ખીચડી સેવાનો થઈ રહ્યો છે. જે ભગવાનના હુલામણા નામે ઓળખાતા પદુભાઈ સરવૈયા બીજીબેનમૂનારૂપ સેવા કરી રહ્યા છે. જ્ઞાતી– જાતીના ભેદ વગર પોતાની રીક્ષામાં ૨૪/૭૨૪ કલાક કોઈ પણ દર્દીને ચિત્તલના સરકારી દવાખાને '' મફત'' પહોચાડે છે. ઉપરાંત ચિત્તલનો સ્મશાન રથ (શબવાહીની)ના ડ્રાઈવર તરીકે પણ પદુભાઈ તદ્દન મફત સેવા કરી રહ્યા છે. આમ નિવૃતિમાં પ્રવૃતિનો એક નવો રાહ પદુભાઈ સમાજને આપી રહ્યા છે. ચિત્તલ જસવંતગઢ ગામનો દરેક સમાજ તેમનો ઋણી રહેશે.

# ધજડી ગામે અંબુજા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુસર અંબુજા ફાઉન્ડેશન દ્વારા ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગામના આગેવાનો, યુવા મંડળો તથા ગ્રામજનોની ઉત્સાહપૂર્ણ હાજરી જોવા મળી હતી.

કાર્યક્રમ દરમ્યાન વિવિધ જાતના પર્યાવરણલક્ષી વૃક્ષોના રોપાઓ વાવવામાં આવ્યા. ગામના પ્રાથમિક શાળા પરિસર, જાહેર સ્થળો અને રસ્તા કિનારે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ પછી હાજર સૌએ માત્ર વાવેતર પૂરતું ન રહી, પરંતુ રોપાઓની માવજત કરી તેમને સજગતાપૂર્વક ઉછેરવાની પ્રતિજ્ઞા લીધી.

અંબુજા ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ જણાવ્યું કે પર્યાવરણનું સંતુલન જાળવવા અને આબોહવા પરિવર્તન જેવી સમસ્યાઓનો સામનો કરવા વૃક્ષારોપણ સૌથી અસરકારક માર્ગ છે. વૃક્ષો માત્ર ઓકિસજન પૂરાં પાડતા નથી, પરંતુ પ્રાણીસૃષ્ટિને આશરો આપે છે, માટીની ઉર્વરતા જાળવે છે અને ગામની સુંદરતા વધારવામાં પણ મદદરૂપ બને છે.

ધજડી ગામના ગ્રામજનોઆ પહેલને લઈને આનંદિત થયા હતા અને આ કાર્યક્રમ ગામમાં હરિયાળી વધારવા તથા સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ સર્જવામાં એક નવી દિશા આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

### નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા

# વડિયા ખાતે ગામજનો સાથે 'ચર્ચા પે ચર્ચા' કાર્યક્રમ યોજાયો

## કાર્યકરોનાં ઘરે જઈને પણ ચર્ચા કરી





તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૩

વડિયા શહેરમાં અલગ અલગ જગ્યાએ ચાની ચુસ્કી લગાવી લોકોના પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી હતી. ગુજરાતવિધાનસભાના નાયબમુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયા એ જણાવ્યું હતું કે, કાર્યકર એ દીવો છે, જે પોતે બળી જાય છે, પણ બીજાને પ્રકાશ આપે છે.

પોતાના કાર્યકરોને સદાયને માટે પોતાની નજીક રાખતા અને સમયાંતરે તેમની મુલાકાત કરવાનું અને તેમની રજૂઆતો સાંભળવાનું કાર્ય ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા કયારેય નથી ભૂલતા.

વડિયા ખાતે ધારાસભ્ય દ્વારા વડિયાના વિવિધ કાર્યકરોના ઘરે ઘરે જઈને તેમની મુલાકાત કરવામાં આવી અને એક નેતા નહીં પણ એક સેવકની જેમ વડિયાને પાયાની સુવિધાઓ મળી રહે તે અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

આ તકે વડિયા કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તુષારભાઈ ગણાત્રા સહિતના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ઈલેકિટ્રક મોબિલિટી ઈન્ડેકસ સૂચંકાકમાં ગુજરાત ૧૬માં ક્રમે

# છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપ સરકારે ૩૦ લાખ કરોડ રૂપિયા જનતા પાસેથી વસુલ્યા

## ઈલેકિટ્રક વાહનોની નીતિની અમલવારીમાં ભાજપ સરકાર નિષ્ફળ : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૩

મોંઘવારી આસમાને, પેટ્રોલ–ડીઝલના બેફામપણે વધતા ભાવથી રાજયના નાગરિકો આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. ઈલેકિટ્રક વાહનો પરિવહન માટે ઉતમ વિકલ્પ બન્યો છે. ત્યારે નાગરિકોને ઈલેકિટ્રક વાહનો માટેની માળખાકીય સુવિધા આપવામાં તંત્રની નિષ્ફળતા અને નીતિ અમલવારીમાં નિષ્ફળ ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે, દસ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલમાં સતત ભાવ વધારો–બેફામ કર વધારો ઝીંકીને ૩૦ લાખ કરોડ રૂપિયા રકમ દેશની જનતા પાસેથી વસુલી લીધા. રિન્યુઅલ એનર્જીમાં અગ્રેસર ગુજરાતના મોટા મોટા દાવા વચ્ચે રાજયના નાગરિકો માટે પરિવહનનાં ઉતમ વિકલ્પ એવા ઈલેકિટ્રક વાહનો માટેની નીતિ અમલવારીમાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી છે. ગુજરાતની ભાજપ સરકાર નીતિ અમલવારીમાં ચાર–ચાર વર્ષ થયા છતાં કેવી અમલવારી કરી છે અને કેટલી ઈચ્છા શક્તિ છે. તેની પોલ કેન્દ્ર સરકારના એહવાલમાં જ ખુલ્લી પડી છે. દેશમાં અસરકારક ઈ–મોબિલિટી અંગેની નીતિ નિર્ધારણ અને કામગીરી માટે કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ડિયા ઈલેકિટ્રક મોબિલિટી ઈન્ડેકસ (IEMI) ૨૦૨૪ રજુ કરવામાં આવે છે. આ સૂચકાંક સરકારની નીતિઓ અને પહેલ, મજબૂત શાસનપ્રક્રિયાઓ, જાહેર ક્ષેત્રના રોકાણો અને ખાનગી ક્ષેત્રના નવીનતા અને રીસર્ચ અને ડેવલોપમેન્ટ, ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ અને ઈલેકિટ્રક વાહનો ક્ષેત્રમાં મજબૂત નવીનતા ટેકનોલોજીમાં વગેરેનો સમાવેશ થાય છે. રાજયમાં વર્ષ ૨૦૨૧માં 'ગુજરાત સ્ટેટ ઈલેકિટ્રક વિહિકલ પોલીસી' લાગુ કરવામાં આવી. ઈન્ડિયા ઈલેકિટ્રક મોબિલિટી ઈન્ડેકસ સૂચકાંકમાં સમગ્ર દેશમાં ગુજરાત ૧૬ ક્રમાંકે છે. જે દર્શાવે છે કે ઈલેકિટ્રક વાહનો ખરીદી અને કામગીરીને પ્રોત્સાહન રાજય સરકારના પ્રયાસોનાં સૂચકાંકમાં ૧૦૦ માંથી ૩૭ સ્કોર, રીસર્ચ અને ડેવલોપમેન્ટ સૂચકાંકમાં ૪૬ સ્કોર, ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ સૂચકાંકમાં ૪૪ સ્કોર, ખાનગી ઈલેકિટ્રક વાહનો અપનાવાનો સૂચકાંકમાં ૫૧ સ્કોર, કોમર્શિયલ ઈલેકિટ્રક વાહનો અપનાવાનો સૂચકાંકમાં માત્ર ૫ સ્કોર સાથે દેશમા ૨૬માં ક્રમાંકે, ઈલેકિટ્રક વાહન ચાર્જીંગ પોઈન્ટ સૂચકાંકમાં ૨૪ સ્કોર મેળવ્યો છે. એટલે કે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં ઈલેકિટ્રક વાહનોની પ્રોત્સાહન, ખરીદી, વ્યવસ્થાતંત્રના વિકાસ–પ્રગતિમાં ગુજરાતનો ૧ થી ૧૦ રાજયોમાં પણ સમાવેશ થતો નથી. જે દર્શાવે છે કે રાજય સરકાર નવી વ્યવસ્થાને સ્વીકારવામાં અને પર્યાવરણનાં સુધારણા માટે કેટલી ગંભીર છે તે ઈજાગર કરે છે.

ગુજરાતમાં માત્ર ૯૪૨ ઈલેકિટ્રક બસો છે. દેશમાં એક વર્ષમાં ૧,૭૫,૨૭,૨૬૫ જેટલા ઈલેકિટ્રક ટુ–વ્હીલર્સ રજિસ્ટ્રર્ડ થાય છે. તેવામાં ભાજપ સરકારના રાજમાં ૨૦૧૫–૨૦૨૧ સુધીના છ વર્ષમાં ગુજરાતમાં માત્ર ૭,૯૨૩ વિધાથીઓને ઈલેકિટ્રક ટુ–વ્હીલર્સ સબસિડી પૂરી પાડવામાં આવી છે. ૧૧,૬૭,૦૫૯ જેટલી ઈલેકિટ્રક થ્રી–વ્હીલર રિક્ષાઓ રજીસ્ટ્રર્ડ થાય કે ત્યારે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૧ માં માત્ર ૮૭ ઈલેકિટ્રક થ્રી–વ્હીલર રિક્ષાઓની સબસિડી પૂરી પાડવામાં આવી છે. ગુજરાતમાં માત્ર ૯૪૨ ઈલેકિટ્રક બસો છે. ઈલેકિટ્રક વિહિકલની સબસીડીના નામે તંત્રમાં થતા ભ્રષ્ટાચારને દુર કરવામાં આવે. ઈલેકિટ્રક ચાર્જીંગ પોઈન્ટ, રીસર્ચ ડેવલોપમેન્ટ સહિતની માળખાકીય સુવિધાઓ સાથે, સરકાર હકીકતલક્ષી નીતિની અમલવારી કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

### સલોની બોર્ડર થઈ રાજકોટ પહોંચી ગયા

# બાબરા : અમરેલી જિલ્લા બેન્કનાં ૬ કર્મચારીઓ નેપાળથી હેમખેમ પરત ફર્યા

## પરિસ્થિતિ તંગ બનતા પ્રવાસ ટુંકાવી દીધો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકના ચિતલ, કુંડલા નાના રાજકોટ, લાઠી અને અમરેલીના મળી કુલ ૬ જેટલાનો સ્ટાફ નેપાળ જવા રવાના થયો હતો જેમાં બ્રાન્ચ ઈન્સ્પેકટર આકાશ સંઘાણી સહિત ભરતભાઈ પાડા, હિમાંશુભાઈ કાકડીયા, વિશાલ સાવલિયા, ભાવેશ ડોબરીયા, મૃગેશ બાવીસી આ સ્ટાફના મિત્રો ગત તા ૪ સપ્ટેમ્બરના રોજ નેપાલ જવા રવાના થયા હતા તેઓ અહીં પ્રવાસમાં પશુપતિનાથ દર્શન સહિત કાઠમંડુ સહિત નેપાળ અન્ય સ્થળની મુલાકાત કરતા હતા ચારથી પાંચ દિવસનો પોગ્રામ અહીં નેપાળ હતો ત્યાં નેપાળના પોખરા શહેર વિસ્તારમાં ફરી રહ્યા હતા ત્યારે કાઠમંડુ સહીતના વિસ્તારમાં પરિસ્થિતિ તંગ બની હતી અને સમય રહેતા દેશમાં પરિસ્થિતિ વધુ ખરાબ થવા લાગી.

જિલ્લા મધ્યસ્થ બેંકના બ્રાન્ચ ઈન્સ્પેકટર આકાશ સંઘાણીએ પોતાના પ્રવાસ અને નેપાળની પરિસ્થિતિ જણાવ્યું હતું કે અમો લોકો પોખરા હતા ત્યારે ખબર પડી કે દેશમાં વાતાવરણ ખરાબ બન્યું છે નેપાળ બંધ પણ થવા લાગ્યું હતું સ્થાનિક નેપાલીઓ જણાવ્યું હતું કે સતા સામે વિદ્રોહ ઉભો થયો છે અને સમગ્ર દેશમાં આગ પ્રસરી છે તમે લોકો જેટલા વહેલા તમારા દેશમાં નીકળી જવું એટલે અમે લોકોએ કોઈ પણ જાતનો સમય બરદાબ કર્યા વગર પાણી અને જમવાનું પણ વિચાયા વગર જેમ બને તેમ નેપાળ છોડી દેવામાં વધુ સમજદારી સમજી સીધા પોખરા થી સલોની બોર્ડર આવ્યા અને ત્યાંથી ઉત્તર પ્રદેશના ગોરખપુર કારમાં આવ્યા અને અહીં ગોરખપુર એરપોર્ટથી ફલાઈટ મારફતે રાજકોટ આવી જતા રાહતનો ાસ લીધો હતો.

નેપાળનો આ પ્રવાસ જીવનમાં કયારેય નહીં ભુલાય તેવો યાદગાર રહ્યો હતો અમે લોકો તાબડતોબ નીકળ્યા ત્યારે નેપાળમાં લૂંટફાટ મારામારી અને હત્યાઓ થવા લાગી હતી એ જોય અને તેના સમાચાર સાંભળી અમે આમ તો ગભરાઈ ગયા હતા પણ ઈરનો પાર કે અમને બધું સમયસર મળી ગયું એટલે ભારત હેમખેમ પહોંચી ગયા.

# સાવરકુંડલાનાં કરજાળા ગામે ''કેળા'' ઉગાડતા ખેડૂતો ચિંતાતુર










અમરેલી જિલ્લો કૃષિ ક્ષેત્રે પ્રગતિશીલ ગણાય છે. અહીંના મોટા ભાગના ખેડૂતો બાગાયતી પાક તરફ વળ્યા છે. ખાસ કરીને સાવરકુંડલા તાલુકાનું કરજાળા ગામ કેળાના પાક માટે જાણીતું છે. આ ગામમાં મોટા પાયે કેળાનું વાવેતર કરવામાં આવે છે, પરંતુ હાલના સમયમાં ખેડૂતો ભાવમાં થતા ભારે ઘટાડાને કારણે કંગાલાઈનો સામનો કરી રહ્યા છે. કરજાળા ગામમાં અંદાજે ૨૫૦ થી ૩૦૦ વીઘામાં કેળાનું વાવેતર કરવામાં આવ્યું છે. ખેડૂતો ભારે મહેનત અને ખર્ચ કરીને આ પાક ઉભો કર્યો છે. પરંતુ હાલની પરિસ્થિતિ એવી છે કે ખેડૂતોને તેમના ખર્ચની સરખામણીએ યોગ્ય આવક નથી મળી રહી. બજારમાં કેળાની માંગ હોવા છતાં ખેડૂતોને યોગ્ય ભાવ મળતો નથી. સ્થાનિક ખેડૂત નમિશ ઠાકર જણાવે છે કે પોતાના ૧૦ વીઘામાં કેળાનું વાવેતર કર્યું છે. એક વીઘામાં આશરે ૭૫ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે, જેમાં બીજ, ખાતર, દવા, મજૂરી, સિંચાઈ સહિતના તમામ ખર્ચાનો સમાવેશ થાય છે. પાક તૈયાર થયા બાદ એક વીઘાથી સરેરાશ ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ રૂપિયાની આવક મળે છે. આ રીતે ખેડૂતોને નુકસાનનો સામનો કરવો પડે છે. હાલની પરિસ્થિતિમાં કેળાના ૨૦ કિલોના કાટિયાં ખેડૂતોને ૪૦ થી ૮૦ સુધી વેચવા પડે છે. એટલે કે, પ્રતિ કિલો ફક્ત ૨ થી ૪ જેટલો ભાવ મળી રહ્યો છે. જયારે ખુલ્લા બજારમાં એક કિલો કેળો્ ૪૦ થી ૬૦ સુધી વેચાય છે. બાર નંગ કેળાનો ભાવ ૭૦ બોલાઈ રહ્યો છે. આ વચ્ચે ખેડૂતો પાસેથી ખરીદતા વેપારીઓ અને માર્કેટમાં વેચતા વેપારીઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ જોવા મળે છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળતો નથી. જયારે વેપારીઓ ગ્રાહકો પાસેથી વધારે ભાવ વસૂલતા હોય છે. ખેડૂતો જણાવે છે કે આ પરિસ્થિતિમાં તેઓ માટે પાકમાંથી નફો મેળવવો તો દૂર, ખર્ચ પણ વસૂલ થતો નથી. ખેડૂતોએ આખા વર્ષે રાતદિવસ મહેનત કરીને પાક ઉભો કર્યો, પરંતુ વેચાણ સમયે મળતા ઓછા ભાવને કારણે તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હાલની સ્થિતિ એવી છે કે ખેડૂતોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે. કરજાળા ગામમાં મોટા ભાગના ખેડૂતોનો મુખ્ય આધાર કેળા પાક છે. બાગાયતી પાકમાંથી યોગ્ય આવક ન મળતા ખેડૂતો કુટુંબનું ભરણપોષણ કરવામાં પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઘણા ખેડૂતો પરત જઈને પરંપરાગત પાક જેમ કે મગફળી, કપાસ કે અનાજ તરફ વળવા અંગે વિચારી રહ્યા છે. પરંતુ કેળાના પાકમાં કરાયેલું મોટું રોકાણ તેમને પાછળ ખેંચે છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, સરકાર અને કૃષિ વિભાગે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. કેળા ખેડૂતોને ઓછામાં ઓછા ખર્ચ પૂરતો ભાવ મળે તેની વ્યવસ્થા કરવી જરૂરી છે. સરકાર માર્કેટ યાર્ડમાં નિયંત્રણ રાખે, મધ્યસ્થીઓ પર કાબૂ મેળવાય અને ખેડૂતને સીધો લાભ મળે તે માટે તંત્ર કડક પગલાં ભરે તેવી ખેડૂતો માંગણી કરી રહ્યા છે. કરજાળા ગામના ખેડૂતોની હાલની પરિસ્થિતિ માત્ર આ ગામ પૂરતી નથી, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના કેળા ખેડૂતો માટે ચિંતાજનક છે. જો આવું જ ચાલતું રહેશે તો ખેડૂતો કેળાના પાકથી દૂર થઈ જશે અને તેના પરિણામે બાગાયતી ક્ષેત્રમાં નકારાત્મક અસર પડશે. આવા સંજોગોમાં ખેડૂતોને યોગ્ય ભાવ મળે, સહકારી સંસ્થાઓ દ્વારા ખરીદીની વ્યવસ્થા થાય અને નિકાસ માટે ખાસ આયોજન કરવામાં આવે તો ખેડૂતોને રાહત મળશે. કેળા પાકને વૈશ્વિક બજારમાં મોટી માંગ છે. જો સરકાર યોગ્ય નીતિ ઘડશે તો ખેડૂતોને ફાયદો થશે અને કૃષિ ક્ષેત્રમાં બાગાયતી પાકનો વિકાસ થશે. કુલ મળીને, કરજાળા ગામના ખેડૂતો હાલમાં ભારે સંકટમાંથી પસાર થઈ રહ્યા છે. મહેનત અને ખર્ચ કર્યા છતાં ખેડૂતોને ફક્ત નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. આવનારા સમયમાં ખેડૂતોને બચાવવા માટે તંત્ર અને સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવશે તેવી ખેડૂતો આશા રાખી રહ્યાછે.

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ.. ૨૫૧- ૧૯૬૪**

**મેરે મન કી ગંગા ..એર તેરે મન કી જમના કા બોલ રાધા બોલ સંગમ**
**આ મહબૂબા ...તેરે દિલ કે પાસ હી હૈ મેરી .મંઝીલ એ મકુસુદ ...વો**
**હર દિલ જો પ્યાર કરેગા ..વો ગાના ગાયેગા ..દિવાના સેકડો મે ।.**

**પ્રિય વાચક મિત્રો ,**




૧૯૬૪ના વર્ષની સૌથી સફળ ફિલ્મની વાત એટલે કે ૧૯૬૪ની પ્રથમ નંબરની સફળ ફિલ્મની વાત આજે કરીશું. આ ફિલ્મએ ફિલ્મ નથી, પણ મનુષ્યના અંદર રહેલા લાગણીઓના સ્પંદન છે, ફિલ્મના એક એક દ્રશ્યમાં લાગણી, પ્રેમ, દોસ્તી , ત્યાગ અને સમર્પણની ભાવનાઓ વ્યક્ત થાય છે. પ્રેમ અને દોસ્તીની વાત કરીયે તો, આજના સમયમાં લોકો દોસ્તી એક સ્ટટસ જોઈ કરે છે, જો સ્ટટસ નબળું પડે તો દોસ્તી સીમિત થઈ જાય છે, અને સ્ટટસ વધે તો દોસ્તીનો પ્રચાર થાય છે, જેમાં એક સ્વાર્થ હોય છે કે, આ દોસ્તી થી હું, શું લાભ મેળવીશ ? જો લાભના મળે તો દોસ્તી પર પૂર્ણ વિરામ આવી જાય છે, આવું જ અત્યારના પ્રેમ સંબંધોનું છે. પ્રેમના નામે વાસનાનો વિકાર બહાર આવે છે, પ્રેમ ના નામે ધનની લાલશા જોવા મળે છે, આ પ્રેમ યુવાન સ્ત્રી પુરૂષ કરે તે બરાબર છે, પણ આજે ટીન એજના બાળકો, અને પરણિતસ્ત્રી અને પુરૂષ પણ પ્રેમના નામે વાસના સંતોષી રહ્યા છે, આવા કિસ્સા આપણે જોઈ રહ્યા છીએ, ટીન એજ પેઢી આજ વાસનામાં અંધ થઈ અધમ કૃત્ય કરતાં અચકાતાં નથી અને મોટો ક્રાઈમ કરે છે, તો કેટલાય પરિવારો અનૈતિક સંબંધોમાં બરબાદ થઈ રહ્યા છે, જે સમાજ માટે એક લાલ સિગ્નલ છે. જયારે જે તે વ્યક્તિમાંથી શરીર અને ધનનું આકર્ષણ ઓછું કે દૂર થશે, ત્યારે પ્રેમનો અંત આવે છે, જેને બ્રેક અપ તેવું નામ આપવા માં આવ્યું છે. અને બીજા પાત્ર સાથે જોડાઈ જવું એ સામાન્ય બાબત છે, અહી પ્રેમ, લાગણી, ત્યાગ, સમર્પણની ભાવના આ નથી. માત્ર એક સ્વાર્થ છે.

પ્રેમ અને દોસ્તીએ જન્મ જાત સંબંધ નથી, પણ ગત જન્મના અધૂરા રહી ગયેલ સંબંધોનું જીવંત સ્વરૂપ છે, બે આત્માઓ જે અલગ અલગ રૂપે ભટકી રહ્યા છે, અને તે એકબીજાની સામે આવે એટલે પ્રેમ અને દોસ્તી થાય છે, બે આત્મા આ એક થાય છે, માત્ર શરીર જ અલગ રહે છે, પ્રેમ સ્ત્રી અને પુરૂષ વચ્ચે સંભવ બને છે, જેમાં કોઈ બંધન નથી હોતા, કારણ કે આત્મા એ મુક્ત છે, તેમ પ્રેમમાં ઉમર, જાત,અમીર અને ગરીબના બેદભાવ હોતા નથી, તેમ દોસ્તી પણ બે આત્માઓનું મિલન છે, જે કોઈ બે પુરૂષો, કે બે સ્ત્રી કે વિજાતીય પણ મિત્રતા થઈ શકે છે, ત્યાં પણ ઉમર, જાત કે અમીરી ગરીબીના ભેદભાવ હોતા નથી. માત્ર પ્રેમ અને દોસ્તીમાં ત્યાગ, સમર્પણ અને મારો મિત્ર કે મારો પ્રેમ ખુશ રહે તે જ લાગણીઓનો ધોધ હૃદયમાંથી વેહતો હોય છે. આવી સંવેદનાઓથી સજેલ ફિલ્મ એટલે રાજકપૂરની સંગમ. જેના એક એક દ્રશ્યમાં પ્રેમ, દોસ્તી, ત્યાગ, સમર્પણ જોવા મળે છે, આ ફિલ્મ મોગલે આઝમ પછી ની ૧૯૬૪ ના સમય સુધીની બીજા નંબરની સૌથી વધુ નફો કરનાર ફિલ્મ બની. ફિલ્મનું બજેટ ૧ કરોડ અને નફો ભારત માં ૪.૫૦ કરોડ અને વિશ્વમાં ૮ કરોડ થયો . હિન્દી સિનેમા ની ૧૯૬૪ સુધી ની સૌથી વધુ લંબાઈ ધરાવતી ફિલ્મ પણ રહી, ફિલ્મની અવધિ ૩ કલાક અને ૪૮ મિનિટ ની રહી. સંગમએ હિન્દી સિનેમાની પ્રથમ ફિલ્મ બની જે લંડન, પેરિસ, રોમ અને સ્વિત્ઝર લેન્ડમાં બની. રાજ કપૂરના નિર્માણ અને નિર્દેશન અને એડિટિંગમાં , આર કે બેનર અને મહબૂબ સ્ટુડિયો અને ફિલ્મીસ્તાન સ્ટુડિયો અને વિદેશમાં શુટ થયેલ આ ફિલ્મની કહાની ઈન્દ્ર રાજ આનંદે લખી હતી , રધુ કર્મા કરની સિનેમા ઓટો ગ્રાફી, હસરત જઈ પૂરી અને શૈલેન્દ્રના કાવ્ય, અને શંકર જય કિશનના યાદગાર મધુર સંગીતને રફી સાહેબ, લતાજી, મુકેશજી, મહેન્દ્ર કપૂરના સ્વરથી સજાવવા માં આવ્યા હતા. રાજ કપૂર, વૈજયંતી માલા, રાજેન્દ્ર કુમાર, રાજ મેહરા, ઈફતે ખાર, નાના પલસીકર, અચલા સચદેવ, લલિતા પવાર, હરિ શિવ દાસણીએ અભિનય આપ્યો હતો.

રાજ કપૂર ૧૯૪૦ ના દસકમાં ઘરેંદા નામથી તેઓ અને નરગિસ અને દિલિપકુમારને લઈ આ ફિલ્મ બનાવવા માંગતા હતા, પણ ફિલ્મ બની નહીં, અને તેમણે આગનું નિર્માણ કર્યું, ત્યાર બાદ ૧૯૬૨માં રાજ સાહેબે સંગમ પર કામ શરૂ કર્યું, તેમણે દિલિપ કુમાર, દેવ આનંદ અને ઉતમ કુમારને આ ફિલ્મની કથાના કોઈપણ એક નાયક માટે પસંદગી કરવા કહ્યું, પણ તે પૈકી કોઈએ ફિલ્મના કરવા કોઈને કોઈ બહાનું આપ્યું, અંતે રાજ કપૂરે સુંદરનું પાત્ર અને રાજેન્દ્ર કુમારે જે ફિલ્મનું મહત્વનું પાત્ર ગોપાલ છે તે કરવાનું નક્કી થયું. ફિલ્મની અમુક કથા અને દ્રશ્યોને ભગવાન શ્રી કૃષ્ણની જીવન શૈલી સાથે જોડવા માં આવ્યા છે, જેમ કે રાજ કપૂર દ્વારા વૈજયંતી માલાના સ્નાન દરમ્યાન વસ્ત્રોની ચોરી કરવી તે ભગવાન શ્રી કૃષ્ણ અને ગોપીઓના સ્નાન દ્રશ્યને રજૂ કરે છે, અને શ્રી કૃષ્ણ અને રાધાના પ્રેમને અહી રજૂ કરાયો છે, એક નિર્મળ અને પવિત્ર પ્રેમ એટલે રાધા કૃષ્ણ, દુનિયામાં શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મનીના મંદિરો ઓછા હશે, પણ રાધા અને કૃષ્ણના મંદિરો જ વધુ જોવા મળશે, શ્રી કૃષ્ણ જીવન લીલામાં રાધા અને કૃષ્ણનું મિલન એક દંપતીરૂપેના થયું, તેમ અહી ગોપાલ અને રાધાના પ્રેમની ત્યાગ ભાવના અને સમર્પણ દર્શાવવામાં આવ્યું છે. ફિલ્મની કથા એક સંગીત મય સફર અને ફિલ્મના દ્રશ્યોની લાગણીઓ સાથેની વાત કરતાં કરતાં માણીએ.

સુંદર (રાજ કપૂર), રાધા ( વૈજયંતી માલા), અને ગોપાલ (રાજેન્દ્ર કુમાર) બચપણના સાથી છે, રાધા બચપણથી ગોપાલને પસંદ કરે છે, કારણ કે તેનું રમકડાંનું ઘર મોટું છે, સુંદર એક ગરીબ હોવાથી તેનું ઘર નાનું છે, આ ભાવના આ તેઓ મોટા થાય છે ત્યારે વધુ અસર કરતી જોવા મળે છે, ગોપાલ વકીલાતના અભ્યાસ માટે વિદેશ જઈ પરત આવી રહ્યો છે, અને સુંદર અને રાધા સાથે સાથે યુવાનીમાં પ્રવેશી ચૂકયા છે, સુંદર બચપણના સાથીને હવે જીવન સાથીરૂપે જોઈ રહ્યો છે, અને રાધા પાસે પ્રેમનો એકરાર વારંવાર કરી રહ્યો છે. તે બચપણ થી શરારતી છે, તો સ્નાન કરતી રાધાના વસ્ત્રો




ચોરી લે છે, અને પ્રેમની કબૂલાત કરાવવા માંગે છે, મેરે મન કી ગંગા એર તેરે મન કી જમના કા, બોલ રાધા બોલ સંગમ હોગા કે નહીં.. અને રાધા સતતના કેહતી રહે છે. સુંદર રાધાને એક તરફી ચાહી રહ્યો છે, તેની દોસ્તીને તે એક પ્રેમનું સ્વરૂપ સમજી રહ્યો છે, અને રાધા સુંદરની આ હરકતોને એક મજાક જ સમજી રહી છે, અને રાધાએ ગોપાલને ચાહે છે, અને ગોપાલ ભારત આવે છે, બચપણના ત્રણે મિત્રો એકબીજાને મળે છે,ગોપાલ પણ યુવાન રાધાને જોઈ તેના દિલ પર કાબૂ રાખી શકતો નથી, તે રાધાને મનોમન ચાહવા લાગે છે, રાધાના માતા પિતા અને ગોપાલની માતા પણ પરિવારીક સંબંધોથી જોડાયેલા છે, અને ભવિષ્યમાં રાધા અને ગોપાલના લગ્ન બાબત વિચારી રહ્યા છે,


રાધા ગોપાલને તેના દિલની વાત કરવા તડપી રહી છે, તો સુંદર પણ તેની વાત કરવા તડપી રહ્યો છે, અને ગોપાલ ભારત આવવાની ખુશીની પાર્ટીમાં ત્રણે પોત પોતાના મનની અભિવ્યક્તિ રજૂ કરે છે, હર દિલ જો પ્યાર કરેગા.. વો ગાના ગાયેગા, દિવાના સેકડો મે પહેચાના જાયેગા.... પણ સંપૂર્ણ રીતે પ્રેમનો એકરાર કોઈ કરી શકતું નથી. ગોપાલ હવે રાધા પ્રત્યે વધુ આકર્ષણ અનુભવી રહ્યો છે, અને રાધાને કેહવા માટે નક્કી કરે છે, રાધાની હાલત પણ ગોપાલ જેવી જ છે, અને રાધા એક ચિટ્ઠી ગોપાલ માટે લખે છે, પણ તે ગોપાલના બદલે સુંદર પાસે આવી જાય છે, અને સુંદરને રાધા એ તેને અપનાવી લીધો છે તેવી ભાવના થાય છે, સુંદરનું આ દુનિયામાં ગોપાલ સિવાય કોઈ નથી, તો ગોપાલને તે રાધાને અનહદ પ્રેમ કરે છે, અને તેની સાથે લગ્ન કરવા માંગે છે, તે વાત કહે છે, ગોપાલ માટે આ ઘડી એક કઠિન પરીક્ષા સમાન બને છે, એક તરફ પ્રેમ, પોતાના મનની ભાવનાઓ, અને બીજી તરફ દોસ્તી, જે પણ તેના આત્માથી જોડાયેલ છે, ગોપાલ માટે પ્રેમ અને દોસ્તી કોઈ એક પસંદ કરવાનો સમય આવી જાય છે. ગોપાલ વિચારે છે કે પ્રેમ તો અમર છે, તેના હૃદયમાં હમેશા જીવંત રહશે, પણ જો મિત્ર ગુમાવી દેશે તો ફરી નહીં મળે. અને રાધા અને સુંદર સાથે રહે તેથી એક બોટિંગનો પ્રોગ્રામ કરે છે, ત્યાં સુંદર રાધાને પરેશાન કરે છે, આ મેહબૂબા. તેરે દિલ કી પાસ હી હૈ...પણ રાધા તેના પ્રેમનો સ્વીકાર કરતી નથી. અંતે ગોપાલ રાધાના માતા પિતાને સુંદર અને રાધાના લગ્નનો પ્રસ્તાવ મૂકે છે, જે તેઓ અને ખુદ રાધા અસ્વીકાર કરે છે, રાધા સુંદરને કહે છે, કે પ્રેમ મેળવવા માટે કઈક બનવું પડે, ધન જરૂરી છે, સામાજિક સ્થાન જરૂરી છે, પણ તે એ નથી કેહતી કે તે સુંદરને પ્રેમ નથી કરતી, પણ ગોપાલને પ્રેમ કરે છે. રાધાના કડવા વચનોથી સુંદર ઈંડિયન એર ફોર્સમાં જોડાઈ જાય છે , અને યુદ્ધ ભૂમિમાં જતાં પેહલા ગોપાલ પાસે વચન લે છે કે, તે તેના અને રાધા વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિને સ્થાન આપવા દેશે નહીં, રાધા તેની અમાનત છે તે કહી તે યુદ્ધ ભૂમિમાં જવા નીકળ ી પડે છે, ત્યારે રાધા તેને કહે છે કે સુંદર તે તેને પ્રેમ કરતી નથી, પણ ત્યારે સુંદર હવાઈ યાત્રાએ નીકળી ચૂકયો હોય છે, યુદ્ધમાં તે કઠિન કામ હાથ પર લે છે, અને તેનું પ્લેન અને સાથીઓ માર્યા જાય છે, સુંદરની પણ ભાળ મળતી નથી અને તેને મૃત ઘોષિત કરવામાં આવે છે, તેને પરમવીર ચક્રથી શહીદના નામથી સન્માનીત કરાય છે. એક મિત્રને ગુમાવી રાધા અને ગોપાલ બન્ને વ્યથિત છે, પણ હવે સુંદર હયાત નથી, અને ગોપાલ અને રાધા એકબીજાને પ્રેમનો એકરાર કરે છે, રાધાને તેનો મનનો પ્રેમી અને ગોપાલને તેની જનમોજનમની પ્રેમિકા રાધા મળી જાય છે.

આગામી અંકમાં વાત આગળ વધારીશું અને ૧૯૬૪ના વર્ષની ફિલ્મી સફર પૂર્ણ કરીશું. આભાર

## * હૃદય રોગ-૨ *

આપણા દેશમાં હૃદયરોગ અને તેના સબંધી બીમારીઓ લોહીનું ઉંચુ દબાણ, ડાયાબીટીસ, ચરબીવાળું શરીર વગેરેનું પ્રમાણ દિન-પ્રતીદિન વધતુ જાય છે. આનુવંશીકતા અને ખરાબ જીવન પધ્ધતિના કારણે વિના કુલ હૃદયરોગીઓમાંથી લગભગ અડધા આપણા દેશમાં છે ! જયાં સુધી ભારતની પ્રત્યેક વ્યકિત આ મહામારી વિશે જ્ઞાન મેળવી જાગુત નહી બને ત્યા સુધી આપણે સામાજીક સ્તર પર આ બીમારીનો ભોગ બનતા રહીશું. મારા આયુર્વેદ ચીકીત્સક તરીકેના ૨૬ વર્ષના અનુભવે મારા દર્દીઓ અને અન્ય લોકોના મનનો ખુબ ઝીણવટભર્યો અભ્યાસે એવું જણાયુ છે કે હૃદયરોગ બાબતે લોકોમાં પ્રવર્તતી ગેરસમજણ ,અજ્ઞાન અને અધકચરૂ જ્ઞાન હૃદય રોગ ને વધુ ગંભીર બનાવે છે.

આજથી લગભગ ૨૦ વર્ષ પહેલા હું ગાયત્રી મંદીરે આયુર્વેદ હોસ્પીટલમાં હતો ત્યારે મારા એક સ્વજન વડીલ મારી પાસે આવ્યા, મને કે આજકાલ મને ગેસની બહુ તકલીફ થઈ ગઈ છે કંઈક પાચન -ગેસ ની એવી દવા આપ કે આ ગેસ ઓછો થઈ જાય. મે તેમની નાડ (પલ્સ) તપાસી, બી.પી. ચેક કર્યુમને તેની નાડ અનીયમીત જણાઈ અને બી.પી. ૨૦૦/૧૧૦ આવ્યુ. મે પુછ્યુ કાકા તમને તકલીફ શું થાય છે મને કે ગેસ બહુ થાય છે, હુ ચાલુ એટલે છાતીમાં ભાર-ભાર લાગે ને પછી ગેસ છુટી જાય એટલે સારૂ લાગે. આગેસ મને રાત્રેય સુવા નથી દેતો રાત્રેય ગેસ થાય એટલે ગભરામણ થવા માંડે. મે એમને કહ્યુ કાકા તમારૂ બીપી વધારે આવે છે, નાડ પણ અનીયમીત ચાલે છે, મને એવું લાગે છે કે તમારા હૃદયને લોહી બરાબર પહોચતુ નથી, તમારે થોડી તપાસ કરાવીને કાર્ડીયોલોજીસ્ટને બતાવવાની જરૂર છે.



**ડો. ભાવેશ કે. મહેતા**

મો.૯૪૨૬૨ ૮૭૯૦૮ / ૮૭૯૯૦૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

મને કે મે બધાય રીપોર્ટ્સ કરાવી લીધા છે આ રહી મારી ફાઈલ, એમ કહી તેની થેલીમાંથી એક મોટી ફાઈલ કાઢી. મે તેના બધા રીપોર્ટ્સ શાંતીથી જોયા તેમના રીપોર્ટ્સમાં કોલેસ્ટેરોલ વધારે આવતુ હતુ, સુગર પણ બોર્ડર પર હતુ અને એન્જીયોગ્રાફીમાં બે નળીમાં નેવું ટકા અને એક નળીમાં સીતેર ટકા બ્લોકેજ હતુ. કાર્ડીઓલોજીસ્ટે તેમને બાયપાસ સર્જરી કરવવાની સલાહ આપેલ હતી. મે પુછ્યુ કાકા તમને ડોક્ટરે તમારી તકલીફ વિશે સમજાવ્યુ છે, મને કે હા, ડોક્ટર કહે છે મારા હૃદયને લોહી પહોચાડતી નળીઓમાં બ્લોકેજ છે એટલે મારે તાત્કાલીક બાય પાસ સર્જરીની જરૂર છે. પણ મારે બાયપાસ કરાવવુ નથી, હું બ્લોકેજ માટે સફરજનનો સિરકાની બનાવેલ દવા લવ છુ (આ દવા તેને ડીગ્રી વગરના આયુર્વેદ પ્રેક્ટીસ કરતા દસ ધોરણ પાસ ડોકટરે લખી આપી હતી) એટલે મારે બાયપાસની જરૂર નહી પડે, આ ગેસની તુ દવા આપી દે એટલે હુ સો ટકા તંદુરસ્ત જ છુ, મે તેમને સમજાવ્યા કે તમારો એન્જીયોગ્રાફીનો રીપોર્ટ્સ અને તમને જે રીતના લક્ષણો છે તે જોતા મને એવુ લાગે છે કે તમારે બાયપાસ સર્જરી કરાવવી જોઈએ. મને કે આ બ્લોકેજની દેશી દવાથી મને ખુબ સારૂ રહે છે આ દવાથી એ ડોકટરે કેટલાય લોકો નેસારા કર્યા છે અને કોઈનેય બાયપાસની જરૂર નથી રહેતી. આ કાકા ત્યાર પછીના ત્રણ મહીના બાદ હૃદયનો ગંભીર પ્રકારનો હુમલો આવ્યો અને અવસાન પામ્યા. આ કેસની ચર્ચા એટલે કરી કે મોટા ભાગના હૃદય રોગમાં દર્દીની રોગ વિશેની અધકચરી સમજણ રોગને વધારી દે છે તમે હૃદયરોગ માટે કોઈ સારવાર માટે જાવ ત્યારે એ વાત નિશ્ચિત કરજો કે એ ડોક્ટર ડીગ્રી વાળા છે કારણ આયુર્વેદની ડીગ્રી વગરના દેશી દવાના નામે લોકોના આરોગ્યને જોખમમાં મુકનારા આપણા સમાજમાં બહુ લેભાગુ તત્વો છે. અને આપણે ભણેલ-ગણેલ હોવા છતાં આવા લોકોના હાથમાં આપણુ જીવન સોપી દેતા હોઈએ છીએ.

અમારી પાસે ખુબ એવા લોકો આયુર્વેદ દવા લેવા આવતા હોય છે કે આયુર્વેદ દવા લેશુ એટલે બીપી (હાઈપર ટૈંશન) ઝડમુળથી મટી જાશે, ફરી પાછી એ દવાની જરૂર નહી પડે આવુ જ હૃદયને ઓછુ લોહી પહોચતા (IHD) કે હૃદયના અન્ય રોગો માટેની પણ માન્યતા છે. આ બધા લાઈફસ્ટાઈલ ડીસીઝ છે, આયુર્વેદમાં પણ આ બધા રોગો યાપ્ય રોગોની શ્રેણીમાં વર્ણવેલા છે (યાપ્ય રોગ એટલે જયા સુધી તમે પરેજી પાળો અને નિયમીત દવા લો ત્યા સુધી જ તે તમારા કંટ્રોલમાં રહે) માટે આ રોગને કંટ્રોલમાં કરવા હોય તો આપણી લાઈફસ્ટાઈલમાં બદલાવ કરવો પડે અને જે દવા તમારા ડોક્ટર/વૈધ સુચવે એ નિયમીત લેવી જ પડે.

હૃદય રોગની આ શ્રૃંખલા માં આપણે હૃદય ની રચના-સામાન્ય કામકાજ, હૃદય રોગ થવાનું કારણ , લક્ષણોને સરળ ભાષામાં અને વ્યવહારૂ રીતે ઉપયોગી થાય તે રીતે સમજીશું અને લોકોના મનમાં હૃદયરોગ બાબતે રહેલી ગેરમાન્યતાને દુર કરવાનો પ્રયત્ન કરીશુ. હૃદયરોગ થવા માટે જેટલા શારીરીક કારણો જેટલા જવાબદાર છે તેટલા જ મનના ભાવો પણ જવાબદાર છે માટે આપણે દર સપ્તાહે મનના એક ભાવની પણ ચર્ચા કરીશુ.

**મર્મબિંદુ:** આજકાલ હૃદયરોગ થવાનું એક મુખ્ય કારણ સામે આવ્યુ છે તે છે ભય(ડર), કોરોના કાળમાં જેટલા મૃત્યુ થયા તેમાં નિષ્ણાંતોનું માનવુ છે કે જે લોકોને કોરોનાનો ડર મનમાં પેશી ગયો તેવા લોકોનું બહુ ઝડપથી ઓક્સીજન લેવલ નીચુ ગયુ અને હૃદયરોગનો શીકાર બન્યા અને મૃત્યુને ભેટીયા, જો થોડું પણ ધ્યાનથી અધ્યયન કરીશુ તો જણાશે કે ૯૯ ટકા ભય તો માત્ર કાલ્પનીક છે. "વિચાર એક પ્રકારનો ભય પેદા કરે છે. પણ વિચાર સિવાય ભય છે ખરો ? આપણે મુત્યુથી ડરીએ છીએ પણ મૃત્યુ તો ભવિષ્યના કોઈ સમયગાળામાં બનનારી ઘટના છે. જે ખરેખર છે અને બનવાનું છે તેની વચ્ચે અંતર છે." આટલું સમજી શકાય તો પણ ભયથી મુકત થવાનો એક માર્ગ મળી રહે. આ માર્ગ આપણી અંદર જ છે. થ્રી ઈડીયટ પીકચરમાં આ વાત બહુ સારી રીતે સમજાવી છે કે આપણું હૃદય બહુ ડરપોક છે એને વારંવાર ફોસલાવવાની જરૂર છે કે બધુ સારૂ થઈ જશે (ઓલ ઈઝ વેલ). (ક્રમશ)

## *શ્રમ રોજગાર વિભાગની ઘોર ઉપેક્ષાનો ભોગ બનતા રોજમદારોને ન્યાય કોણ આપશે ?*


લેખક
શ્રી રાજેશ જે.માધવાણી
અમરેલી - મો. ૯૪૨૮૭ ૬૮૩૮૪




તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં ફેકટરી એકટ સુધારા વિધેયક પસાર કરાયું, ફેકટરીઓમા કામ કરતાં કામદારોના કામના કલાકો અને સમય મર્યાદાઓમાં સુધારો કરાયો... આ વિધેયક બનાવતા પહેલા તેના કારણો અને પરીસ્થીતી, પરીબળો ઉત્પન્ન થયા પછી ફેકટરી એકટની કેટલી કલમમાં કેટલો ફેરફાર કરવો જરૂરી છે તેનો અભ્યાસ વૈધાનિક વિભાગ દ્વારા કરવામાં આવે છે, આપણે ત્યાં થોડીવાર લોકો ખેડૂત પ્રધાન બની જાય છે તે થોડીવાર પછી ઉદ્યોગપ્રધાન બની જાય છે.. ખોટી બાબતનો વિપરીત સ્થિતિઓ સાથે તુલના કરવાથી ગેરસમજણો ઉભી થાય છે, કારખાના ધારાની કલમ - ૫૧, ૫૪, ૫૫, ૫૬, ૫૯, ૬૬ માં સુધારો કરાયો છે. કામદારોની એક પાળીના કામના ૯ કલાક હતા તેના બદલે ૮ કલાક કરવામાં આવ્યા પછી કામદારો પાસે ૧૦ કલાક સરેરાશ કામ લેવામાં આવતુ હતુ પરંતુ ૮ કલાક પછીના વધારાના બે કલાકોની ગણતરી અલગ કરવામાં આવતી નહોતી, ૯-૧૦-૧૧-૧૨ કલાકની જ પાળી ગણી લેવામાં આવતી હતી કારણ કે કાયદાકીય વિસંગતતાઓ હતી.પ્રતિદિન દૈનિક રોજમદાર કે નિયમિત કામદારનુ વેતન નક્કી થયેલ હોય તે ૮ કલાકનુ હોય છે પરંતુ ૯ થી ૧૨ કલાક સુધી વધારે કામ લેવાતું હોય ત્યારે તે વધારાનાં કામના કલાકોનું વેતન આપવામાં આવતું નહોતુ, દૈનિક કામના કલાકોની મુળ સમયમર્યાદા યથાવંત રહે છે પણ સપ્તાહના કામના છે દિવસ ગણીને ૪૮ કલાક જ કામ લઈ શકાય છે, સપ્તાહના ૬ દિવસ અને ૪૮ કલાકએ મુળ કાયમી જોગવાઈ છે. રોજ ૮ કલાકથી વધુ કામ કર્યા પછી વધારાનો સમય અવેજ મળતો નહોતો, ગણતરીમાં લેવામાં આવતો નહોતો, તેથી ૮ કલાક ઉપરાંતના કલાકો ને 'એડવાન્સ વર્કીંગ અવર' તરીકે ગણવા માટે કાયદાકીય સુધારો લાવવામાં આવ્યો છે, આખરે સપ્તાહના કામના કલાકો ૪૮ કલાક જ રહે છે, જેટલા કલાક વધારે કામ થાય તેટલા કલાકો તે અઠવાડિયાની સવેતન રજા ગણવાની છે એજ મહત્વનો સુધારો છે. ઉપરાંત ૪૮ કલાકથી વધુ કામ કરાવવામાં આવે તો બમણા પગારથી ઓવર ટાઈમ આપવાની જોગવાઈ યથાવત ચાલુ છે, દૈનિક ૮ કલાકનો સમય યથાવંત છે તેમાં કોઈ સુધારો વધારો કરાયો નથી, બીજું કામદારની સંમતિ વિના વધારાના કલાક કામ લ ઈ શકાય નહીં તે પણ સ્પષ્ટ જોગવાઈ છે, ઘણી પરીસ્થિતિમાં એક કરતાં વધુ કામદારની જરૂરત ના હોય તેમ જ કામદાર પોતે પણ સંમત હોય ત્યારે આંતરીક સમજુતી અને બંને પક્ષની મજબુરીથી ૮ કલાકને ૧૨ કલાક કે અને કયારેક ૧૬ કલાક સુધી લંબાવવામાં આવતો સમય એ સપ્તાહના પછીના દિવસોમાં સવેતન રજા ગણવામાં આવતી નહોતી, જે આ સુધારા પછી સવેતન રજા ગણવામાં આવશે. કલમ ૬૬ માં (ક) ૧૭ પેટા કલમોથી મહીલા સુરક્ષાની વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે, કામના સ્થળે અલગ આરામખંડ, અલગ ટોઈલેટ, કામના સ્થળની અંદર અને બહાર સીસીટીવી, રાતે આવવા જવા સિકયુરિટી સાથેનું વાહન, કામના સ્થળે અંદર બહાર પુરતા અજવાળું રાખવું, ઉપરાંત જાતીય સતામણીના સંજોગો બાબતે મેનેજમેન્ટે મહિલા કામદારને પ્રાધાન્ય આપવું, મહિલા કામદારને જાતીય સતામણીની બાબતે મેનેજમેન્ટે જાતે અને સરકારી (પોલીસ) કાર્યવાહીની જવાબદારી, ઉપરાંત સ્વાસ્થ્ય સંબંધી જવાબદારીઓ કાયદાથી સુનિશ્ર્વિત કરવામાં આવી છે, વધારાના કલાક કામ કરવા કામદાર સંમતિ આપે નહીં તો કારખાનેદાર - મેનેજમેન્ટ કામદારને છુટો કરીને બીજા કામદારને રાખી લે તેવી શકયતાઓ નહિવત છે કારણકે કારખાનેદાર રોજ રોજ કામદારો બદલીને કામનુ સાતત્ય ખરાબ કરતાં નથી, ખાસ તો કારખાનાની નજીકની વસાહતોથી દુર રહેણાંક ધરાવતા કામદારો કરતાં નિયમિત રીતે કામ કરતાં કામદારો સાથે મેનેજમેન્ટને વધુ સુગમતા રહે છે. આ સુધારા પહેલા કામદારો કોઈ કલેઈમ કરીશકતાં નહોતાં, શ્રમ અને રોજગાર કચેરીઓ તેમજ ઈન્ડસ્ટ્રીયલ સેફટી ઈન્સપેકટરને અનિચ્છનીત સંજોગોમાં કોઈ ફરીયાદ કરવા કાયદાની જોગવાઈનો સીધો આધાર નહોતો, કાયદો સુધારાના પછી પણ શ્રમયોગીઓને ખાસ કોઈ ફાયદો થનાર નથી. તંત્રની ખામીઓ કયાં છે, ? ઉદ્યોગિક વિકાસ ૧૦ ગણો વધ્યો છે તો શ્રમ રોજગાર કચેરીઓ અને ફેકટરી ઈન્સપેકટરનો સ્ટાફ અડધો છે આ સ્ટાફ મહેકમ પણ ઉદ્યોગો અને કામદારોની સંખ્યા પ્રમાણે ૨૫ ટકા જેટલો છે એટલે તંત્રમાં વસતી અને વિકાસ આધારે નિયમન સ્ટાફની પુરતી નિમણૂંકો થયેલી નથી, ૫૦૦ ઈન્સપેકટરની જરૂરીયાત સામે હાલ ફક્ત ૬૧ ઈન્સપેકટરો છે તેથી કામદારોની સુરક્ષા અને ફરીયાદો સંભાળનાર મહેકમ પુરતું નથી. શ્રમયોગી કલ્યાણ બોર્ડ 'કોમા'માં છે કામદારોને જ જાણ નથી કે તેના અધિકારો શું છે? કામદારોની જીલ્લા તાલુકાઓ અને પહોંરચો તથા જીઆઈડીસીઓમા યુનિક આઈડી સાથેની કોઈ નોંધણી વ્યવસ્થા નથી, કામદાર, કારીગર, કલાકાર, સહાયક, નિષ્ણાંત, વગેરે જુદા જુદા વર્ગોના કામદારો, મશીનો ઉપર શ્રમ કરતાં કામદારો, બાંધકામ માટે શ્રમ કરતાં કામદારો, પરીવહન માટે કામ કરતાં કામદારો, વિવિધ કલા કારીગીરીના કામદારોની નિયમિત વર્ગીકૃત નોંધણી કરવાની કાયમી વ્યવસ્થા નથી. કામદાર યુનિયનો,મહિલા શ્રમજીવી યુનિયનો, મજુર રૂપિયાનો, શ્રમ યોગી કલ્યાણ બોર્ડ, વગેરેના આગેવાનો અંદરો અંદર સમજુતિથી કામ કરી રહ્યા છે, કામના કલાકો સુધારવાના વિધેયકના વિરોધ પ્રદર્શનો કરનારા લોકો અશિક્ષિત અને અર્ધ શિક્ષિત કામદારોને કલમોની જોગવાઈઓની વાસ્તવિક સમજણ પુરી પાડતા નથી, હવે,..જોઈએ બાયોલોજીકલ, ફીઝીકલ, ન્યુરોલોજીકલ વાસ્તવિકતા શું છે, .... પુખ્ત સશક્ત શરીરને ૬ કલાક ઉંઘ હોવી ફરજીયાત છે, શ્રમના દર ૪ કલાકે ૩૦ મિનિટ વિરામ જઢરીછે, ઉપરાંત માનસિક તંદુરસ્તી માટે પુરતું પોષણક્ષમ ખોરાક જરૂરી છે, આઠ કલાકનો સમય શારીરીક શ્રમ કરનાર માટે સરેરાશ મહતમ સમય છે પરંતુ સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે શારીરીક સક્ષમતા હોય તો વધારે ૪ કલાક કામ કરી શકાય છે તો સાથે સાથે પછી એટલો વિરામ આપવો જરૂરી બને છે, ૮ કલાક પછી માનસિક થાકને કારણે મગજ તાણ અનુભવે છે તેથી માનસિક અને શારીરિક બંને ક્ષમતાઓની નિયમિત આરોગ્ય તપાસણી જળ વાવી જોઈએ, કામદાર સંમતિ આપી હોય તો પણ ઓવર લોડ કામ કરાવવું હિતાવહ નથી, સંપુર્ણ પુખ્ત અને સક્ષમ વ્યકિતને પણ સળંગ ૮ કલાક પછી તરત ૨-૪ કલાક શરીરને અને મગજને વિરામ આપી રીફ્રેશ કરવું જરૂરી હોય છે, જોગવાઈ કરવામાં આવી હોવા છતાં ૮ કલાકથી વધુ સમય માનસિક અને શારીરિક શ્રમ કુદરતી સ્વાસ્થ્ય માટે હિતાવહ નથી. એક અલગ વિશેષ સંજોગો જોઈએ તો, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા પ્રતિ વર્ષ મોંઘવારી પ્રમાણે, સરકારી વેતન દરોની સાપેક્ષે બિનસરકારી સેવાઓના વેતન દરો સુધારવામાં આવતા નથી તે એક અપરાધભાવ છે, કામદારોનું વ્યાપક આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે,.. રાજય સરકારે સરકારી વર્ગો પ્રમાણે વેતન, ભથ્થા, પી.એફ. વગેરે જે સુધારાઓ કરવામાં આવે છે તેમ બિનસરકારી વર્ગોના વેતન દર સુધારવા આવતા નથી, તેથી કામદારોને પાયાનું અને કાયમી આર્થિક નુકસાન ભોગવવું પડે છે, રાજય સરકારે મહેસુલ જંત્રી સુધારા, વેતન સુધારાની સાથે, (૧) ખેતી વ્યવસાય માટે ખેડૂતની અન્ય આવક મર્યાદાની સુધારણા, (૨) ખાણ ખનીજની રોયલ્ટી દરની સુધારણા, (૩) કાયમી બિનસરકારી કામદારોના વેતન દરની સુધારણા, (૪) દૈનિક રોજમદારના વેતનદર, (૪) ખેત મજુરના વેતન દર, (૫) રસાયણ અને બાંધકામ કામદારોના વેતન દરની સુધારણા કરવાની હોય છે પણ કરવામાં આવતી નથી, તેથી શ્રમયોગીઓ અને ખાનગી દૈનિક રોજગાર ધરાવતા બિનસરકારી નાગરીકોને પુરતું વેતન મળતું નથી.રાજય સરકારની સૌથી મોટી અપરાધિક ખામી છે કે પ્રતિ વર્ષ બજેટ સત્ર સમયે ૧ લી એપ્રીલ થી ૩૧ માર્ચ સુધીના વિવિધ વર્ગો અને ક્ષેત્રોના શ્રમ રોજગારના વર્ગીકૃત વેતન દરો સુધારવામાં આવતા નથી, સાથે સાથે તટસ્થ નિયમન માટે યુનિક આઈડી થી નોંધણી ફરજીયાત કરવામાં આવતી નથી. રાજયના દરેક કામદારના કામ અને જીવનની સુરક્ષા માટે વેતન, અને રોજગાર માટે પ્રતિ વર્ષ સમિક્ષા કરવાની જવાબદારી છે, ઉપરાંત મોંઘવારી સાપેક્ષે દર છ મહીને સમિક્ષા કરવામાં આવતી નથી.રાજયમાં મહેસુલ વિભાગ, માર્ગ મકાન વિભાગ, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, વગેરેને ચલાવવા નિભાવવાના પાયામાં શ્રમજીવીઓ છે, યુનિયનો રાજકીય માઈલેજ સિવાય કોઈ કામ કરતા નથી, ખાસ તો સરકારને જવાબદારી આવે નહીં તે માટે અલગ અલગ મુદાઓ ઉપર હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ એપ્લીકેશન અથવા પીઆઈએલ દાખલ કરીને સત્તાધિશોને મદદરૂપ બને છે કારણકે કોઈ વિષય 'સબજયુડીશિયલ' હોય તો સત્તાધિશો 'જયુડીશિયલ પેન્ડીગ' ના બહાને કોઈ નિર્ણય કરવાની જવાબદારી લેતા નથી. ફેકટરી એકટ, સેફટી એકટ, ઈનસ્યુરન્સ પોલીસી, ન્યુનતમ વેતન દર, શ્રમયોગી યોજનાઓ વિશે કામદારો અને મજદુરોને જાણકારી આપવામાં આવતી નથી. ફેકટરી એકટના સુધારાઓમા : (૧) જોબ ગેરન્ટી, (૨) કાયદાના ભંગ બદલ શિક્ષાત્મક જોગવાઈઓ (૩) સક્ષમતા માટે સ્વાસ્થ્ય ચકાસણી (૪) સરકારી તંત્રના સ્ટાફની સીધી જવાબદારીઓ સુનિશ્વિત કરવામાં આવી નથી તેથી કારખાનેદારો અને મેનેજમેન્ટ કાયદાકીય જવાબદારીઓમાંથી છટકી શકે છે બીજું ખાસ તો કામદારો આર્થિક ગરીબ હોય છે અને કારખાનેદારો આર્થિક સક્ષમ હોય છે તેથી કાયદાઓ ગમે તેટલા સારા હોય તો પણ આર્થિક તાકાત સામે ગરીબ કામદારો કાયદાકીય ન્યાય મેળવવામાં પરાજીત રહે છે... કાયદાઓનો ન્યાય સરેરાશ આર્થિક સક્ષમ લોકોની તરફેણમાં હોય છે અને ગરીબ તથા આર્થિક કંગાળ લોકોની વિરૂદ્ધમાં હોય તેવા આ વાતાવરણમાં શ્રમયોગીઓ માટે કાયદાકીય સુધારો કાયદાના જાણકાર હોય તો લાભ કર્તા બની શકે અન્યથા કાયદાકીય સુરક્ષા અર્થવિહિન બની રહેશે. શ્રમ યોગીઓનું ભગવાન સિવાય કોઈ નથી

# PMJAY કાર્ડથી બચ્યું ઘર અને જમીન : મેરીયાણા ગામનાં કેશુભાઈ ખાત્રાણીએ ૭ વર્ષ લીધો લાભ








અમરેલી જિલ્લાના મેરીયાણા ગામના કેશુભાઈ ખાત્રાણી માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) જીવનદાયી સાબિત થઈ છે. આજે તેઓ સ્મિત સાથે કહે છે કે, જો આ યોજના ન હોત તો કદાચ મને મારી ૯ વીઘા જમીન અને ઘર બંને વેચવું પડત. કેશુભાઈ છેલ્લા ૭ વર્ષથી ગંભીર બીમારી સામે લડી રહ્યા છે અને આ લાંબી લડતમાં તેમને PMJAY કાર્ડે આશરો આપ્યો છે. કેશુભાઈને કિડનીની ગંભીર સમસ્યા હોવાને કારણે દર મહિને ૧૫ દિવસ ડાયાલિસીસ કરાવવું ફરજિયાત બન્યું હતું. સામાન્ય રીતે એક દિવસના ડાયાલિસીસ માટે આશરે ૩૦૦૦ રૂપિયા ખર્ચ થાય છે. એટલે કે મહિને માત્ર ડાયાલિસીસ પાછળ જ અંદાજે ૪૫,૦૦૦ રૂપિયાનું ભારણ ઊભું થતું. તેના પરબ્લડ પ્રેશર અને ડાયાબિટીસના રિપોટર્સ, જે દર વખતે ૮૦૦ રૂપિયા જેટલા થતા, તે પણ નિયમિત કરાવવાના હતા. આ ઉપરાંત હોસ્પિટલ સુધી જવા–આવવા માટેનો મુસાફરી ખર્ચ લગભગ ૩૦૦ રૂપિયા જેટલો થતો. જો આ તમામ ખર્ચ તેઓ પોતે જ ઉઠાવતા, તો દર મહિને લાખો રૂપિયાનો ભારણ કુટુંબ પર આવતું. પરંતુ, PMJAY કાર્ડના કારણે આ બધું મફતમાં થવા લાગ્યું. કેશુભાઈ કહે છે, આ કાર્ડ મારફત મને ૩૨ લાખ ૫૦ હજાર રૂપિયાનું સીધું લાભ મળ્યો છે. ૭ વર્ષ સુધી ડાયાલિસીસનો ખર્ચ, તપાસો, રિપોટર્સ અને મુસાફરીનો ખચ all free થઈ ગયો. કેશુભાઈના પરિવારજનો કહે છે કે જો આ યોજના ન હોત તો તેમને ઘર કે જમીન ગિરવે રાખીને સારવાર કરાવવી પડતી. ખેતી પર આધારિત પરિવાર માટે આટલો મોટો ખર્ચ ઉઠાવવો અશકય હતો. ૯ વીઘાની જમીન જ એમના જીવનનો આધાર છે, પરંતુ સારવારનો ભારણ એવો હતો કે કદાચ જમીન વેચ્યા વિના વિકલ્પ ન રહે. PMJAY કાર્ડે તેમના પરિવારને આ સંકટમાંથી બચાવી લીધા. કેશુભાઈએ જણાવ્યું કે, આ ૭ વર્ષ દરમિયાન કાર્ડનું સમયાંતરે રીન્યુઅલ કરાવવું પડતું હતું. સરકારની નિયમિત પ્રક્રિયા મુજબ તેમણે દર વખત કાર્ડને નવીન બનાવ્યું અને સતત આ યોજનાનો લાભ મળતો રહ્યો. તેઓ કહે છે કે કાર્ડ ન હોત તો દર મહિને પૈસાની તંગીને લીધે સારવાર અધ વચ્ચે અટકવી પડી હોત. પરંતુ આ કાર્ડને લીધે સતત સારવાર ચાલુ રહી અને આજે હું જીવિત છું. જો એક દિવસના ડાયાલિસીસનો ખર્ચ ૩૦૦૦ રૂપિયા ગણીએ તો ૧૫ દિવસના માટે મહિને ૪૫,૦૦૦ રૂપિયા થાય. વર્ષનું ગણતરી કરીએ તો આશરે ૫ લાખ ૪૦ હજાર રૂપિયા થાય છે. ૭ વર્ષ સુધી આ સારવાર ચાલુ રાખતા કુલ ખર્ચ ૩૫ લાખ રૂપિયા જેટલો થવો જોઈએ. પરંતુ PMJAY કાર્ડના કારણે કેશુભાઈનો આ બધો ખર્ચ મફતમાં થયો. આ સિવાય બ્લડ ટેસ્ટ, બીપી–શુગર રિપોટર્સ અને મુસાફરીનો ખર્ચ પણ કાર્ડ દ્વારા કવર થતો હતો. આમ, લગભગ ૩૨.૫૦ લાખ રૂપિયાનું સીધું લાભ મળ્યું. કેશુભાઈની આ કથા માત્ર તેમના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં PMJAY કાર્ડની અસરકારકતા દર્શાવે છે. ગામડાઓમાં મોટા ભાગના લોકો ખેતી પર આધારિત હોય છે અને એમને મોટી બીમારી આવે તો ઘર, જમીન કે ગાય–બળદ વેચવા સિવાય બીજો કોઈ રસ્તો રહેતો નથી. પરંતુ સરકારની આ યોજના ગ્રામ્ય સમાજ માટે આશીર્વાદરૂપ બની રહી છે. કેશુભાઈ ખાત્રાણીની વાત સાંભળીને ગામના અન્ય લોકો પણ PMJAY કાર્ડ લેવા માટે પ્રોત્સાહિત થાય છે. કારણ કે આ કાર્ડ માત્ર એક પ્લાસ્ટિકનો ટુકડો નથી, પરંતુ જીવન બચાવતું એક મહત્વપૂર્ણ સાધન છે. તે લોકોને મોટી આર્થિક મુશ્કેલીમાંથી બચાવી શકે છે અને સારવારનો અધિકાર સૌને સરળ બનાવે છે. કેશુભાઈ અંતે કહે છે, સાત વર્ષથી આ કાર્ડે અમને સહારો આપ્યો છે. મફતમાં સારવાર મળી એટલે પરિવારનું જીવન ચાલતું રહ્યું છે. નહીંતર આજ સુધી અમે બધું વેચી નાખ્યું હોત. આ રીતે PMJAY કાર્ડ એ એક સામાન્ય ખેડૂત પરિવારનું જીવન બચાવી લીધું છે. આવી અનેક કથાઓ ગ્રામ્ય ભારતમાં જોવા મળે છે, જયાં આ યોજના લોકોને આર્થિક સંકટમાંથી બચાવીને આરોગ્યનો હક સુરક્ષિત કરી રહી છે.

## વીજપડી ગામમાં આધુનિક સુવિધાઓ સાથે વિકાસની નવી દિશા

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામમાં વિકાસ કાર્યોને ગતિ આપવા માટે સરકાર ધ્વારા ૪,૭૦ કરોડની માતબર રકમ મંજુર કરવામાં આવી છે. આ પ્રોજેકટ અંતર્ગત દોલતી–ભમ્મર–વીજપડી રોડ પર માઈનોર બ્રિજ, એપ્રોચ રોડ તથા પ્રોટેકશન વોલનું નિર્માણ હાથ ધરવામાં આવશે. આ વિકાસના કામોથી સ્થાનિક લોકોની દૈનિક સુવિધાઓમાં વધારો થવાનો છે. ગામ અને આસપાસના વિસ્તારોમાં આવરતી–જતી વાહન વ્યવહારની સમસ્યાઓ દુર થશે અને વરસાદી ઋતુમાં ખાસ કરીને વાહનચાલકો તથા પાદચારીઓ માટે સુરક્ષિત મુસાફરી શકય બનશે. નદી તથા પાણીના પ્રવાહને કારણે દર વર્ષે જે મુશ્કેલીઓ ઉભી થતી હતી. તે આ નવી સુવિધાઓથી દુર થશે.

આ પ્રોજેકટ પૂર્ણ થતા ગામની કનેકિટવિટી વધુ મજબુત બનશે સાથે જ વેપાર–વ્યવસાયને પ્રોત્સાહન મળશે અને કૃષિ ઉત્પાદનને બજારો સુધી સરળતાથી પહોંચાડવામાં મદદ મળશે. સ્થાનિક ગ્રામજનો આ વિકાસ કાર્યોને લઈને ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.

આગામી સમયમાં આ પ્રકારના ઈન્ફાસ્ટ્રકચર પ્રોજેકટો ગામના સર્વાંગી વિકાસ માટે પાયાનો પથ્થર સાબિત થશે. એવું ગ્રામજનો માની રહ્યા છે. વીજપડી ગામમા હાથ ધરાયેલા આ કાર્યોથી આધુનિક સુવિધાઓ સાથે વિકાસની નવી દિશા ખુલશે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં યુવક સાથે ઓનલાઈન

ગયેલછું. તમોમને રોકડા રૂપિયા ૫૦૦૦ આપો તો હું તમને ઓનલાઈન ફોન–પે થી તમારા મોબાઈલમાં ટ્રાન્સફર કરી આપુ છું. એમ કહી યુવક પાસેથી રોકડા રૂપિયા ૫૦૦૦ લઈ ઠગાઈ કરી યુવકના ફોનમાં રૂપિયા ૫૦૦૦ કપાઈ અને યુવકના આઈસીસીઆઈ બેન્કના એકાઉન્ટમાં ટ્રાન્જેકશન પુર્ણ થઈ ગયેલ છે. અને પૈસા ટ્રાન્સફર થયાનો મેસેજ આરોપીએ પોતાના ફોનમાંથી યુવકને બતાવી ઈલેકટ્રોનીક રેકર્ડનો યુવક સાથે ઠગાઈ કરવાના હેતુથી આરોપીએ મોબાઈલ ફોનમાં બનાવટી બનાવી તેનો ઉપયોગ કરી ઠગાઈ કરી રૂપિયા ઉપાડી લઈ યુવક સાથે છેતરપીંડી કરી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ધારીમાં તસ્કરોએ એકી સાથે

ચોરીની જાણ થતા પોલીસ તંત્ર તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યું અને પ્રાથમિક તપાસ હાથ ધરી. પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી કેમેરાની ફૂટેજ મેળવવામાં આવી છે જેમાં કેટલાક સંદિગ્ધોની હલચલ જોવા મળી છે. આ ફૂટેજના આધારે તસ્કરોની ઓળખ કરી તેમને ઝડપવા માટે પોલીસે તીવ્ર તપાસ શરૂ કરી છે.

વેપારીઓએ સતત વધી રહેલી ચોરીની ઘટનાઓ અંગે ચિંતા વ્યકત કરી છે અને રાત્રિના સમયમાં પેટ્રોલિંગ વધારવા માંગણી કરી છે. પોલીસ અધિકારીઓએ વેપારીઓને વિસ આપ્યો છે કે ટૂંક સમયમાં જ તસ્કરોને ઝડપી લેવામાં આવશે અને કડક પગલાં લેવાશે. ધારી શહેરમાં બનેલી આ ઘટનાએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે વેપારી વર્ગ માટે સુરક્ષાની વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની જરૂર છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલામાં ધુડીયા આગરીયા

યુવક ગત તા.૪ ના રાત્રીના આશરે ૯ વાગ્યે રાજુલા ગામે આવેલ શાકમાર્કેટની પાસે આવેલ એસ.બી.આઈ. બેંકની બાજુમાં આવેલ એસ.બી.આઈ. બેંકના સીડીએમ મશીનમાં પોતાના બેંક એકાઉન્ટમાં મોટર સાઈકલ માટેના હપ્તાના પૈસા રોકડા પૈસા જમા કરાવવા આવેલ હતા, તે વખતે બે અજાણ્યા આરોપીઓએ આ યુવક પાસે આવી કહેલ કે, મને રોકડા પૈસા આપવાનુ કહી અને આરોપી યુવકને તેના બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરી આપશે તેમ કહેતા યુવકે આરોપીઓને રોકડા રૂપિયા ૧૫,૦૦૦ આપતા આરોપીએ પોતાના મોબાઈલ ફોનના સ્કેનરમાં યુવકનુ ગુગલ પે સ્કેનર સ્કેન કરી યુવકના ખાતામાં પૈસા જમા થયેલ ન હોય, તેમ છતા પૈસા તમારા બેંક એકાઉન્ટમાં જમા થઈ ગયેલ છે. તેમ કહી યુવક સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## પાના ૧ ઉપરનું ચાલું ફરાર થયેલ આરોપી ઝડપાયો

રતનપર ગામે રહેતા હરજી ઉર્ફે પંકજ ઉર્ફે ભરત ગંગારામભાઈ મિસ્ત્રી (હાલ કર્ણાટક) આરોપી ઓળખતો હોય અને આ આરોપી માધાભાઈના ઘરે આવી તેમની ફ્ન્ટી કાર નંબર જી.બી.કયુ. ૨૩૪૧ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦ની પોતાનો સામાન વાડીએ લેવાનું જવાનું કહી કાર લઈ ગયેલ હતો અને બાદમાં આ કાર પાછી નહિ આપી કાર લઈ ફરાર થઈ ગયો હતો. અમરેલીના માધાભાઈ દેસાઈ સાથે વિસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરેલ હોય જે અંગે આરોપી વિરૂધ્ધમાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગત તા. ૧૮/૫/૨૦૦૦ માં ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ફરિયાદ નોંધાઈ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમને બાતમી રાહે હકિકત મળેલ કે આ કામનો આરોપી હરજી ઉર્ફે પંકજ ઉર્ફે ભરત ગંગારામભાઈ મિસ્ત્રી છેલ્લા ૨૫ વર્ષથી પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય. આ આરોપી પોતાના વતનમાં પણ આવતો ના હોય પરંતુ દોઢેક વર્ષ પહેલા પોતાના વતનમાં આવેલ હોવાની અને આરોપી હાલ મહારાષ્ટ્ર રાજયના નાગપુર જિલ્લાના કટોલ તાલુકાના ગગાલડોહ ગામ મુકામે છેલ્લા ત્રણ માસથી મજુરી કામ કરતો હોવાની હકિકત મળેલ હતી. જે હકિકત આધારે આ નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્ર રાજયના નાગપુર જિલ્લાના કટોલ તાલુકાના ગગાલડોહ ગામ મુકામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી સ્વ. ભીખાલાલ ભુરાલાલા નિર્મળના ધર્મપત્ની કાંતાબેન ઉ.વ. ૯૪ તે સ્વ. મનસુખભાઈ, બળવંતભાઈ તથા કાનાભાઈના માતૃશ્રી તથા અતુલભાઈ, હાર્દિકભાઈ તથા ચિરાગભાઈ, કરણભાઈ, ભાર્ગવભાઈના દાદીમાંનું તા ૧૩/૦૯/૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

પ્રાર્થના સભા : તા. ૧૫/૦૯/૨૦૨૫ ને સોમવારના રોજ ૪:૦૦ થી ૬:૦૦, ગગાબાઈ માતૃશ્રી વાડી, જૈન દેરાસર અમરેલી ખાતે રાખેલ છે.

**વડિયા :** રમેશભાઈ પોપટભાઈ નારીગરા (બજરંગ હોટલવાળા) મુ. વડિયા (દેવળી)નું તા. ૧૩/૦૯/૨૦૨૫ ને શનિવારના રોજ અવસાન થયેલ છે તે લાભુબેનના પતિ અને કાનજીભાઈ નારીગરા (સુરત)ના નાનાભાઈ, સ્વ. નટવરભાઈ (નિવૃત એસ.ટી કંડકટર), પ્રવિણભાઈ (નિવૃત શિક્ષક), રસિકભાઈ (લેબરકોર્ટ), કિશોરભાઈ (નિવૃત શિક્ષક), કુસુમબેન અને ઉર્મિલાબેનના મોટાભાઈ તથા જયેશભાઈ, પરેશભાઈ, નરેશભાઈ, જીતેન્દ્રભાઈ નારીગરા અને મીનાબેનના પિતાશ્રી તથા સંગીતાબેન, પારૂલબેન, દક્ષાબેન અને મનીષાબેન તથા કૌશિકભાઈ કનુભાઈ સરવૈયાના સસરાનું અવસાન થયેલ છે

**સદ્‌ગતનુ બેસણુ :** તા. ૧૫/૦૯/૨૦૨૫ ને સોમવનારના રોજ સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાકે લોહાણા મહાજન વાડી, ત્રણ દરવાજા, વડિયા (દેવળી) ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૬૨૦ | ૧૧૦૧ |
| ૨ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૨૫ | ૧૨૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૯૦ |
| ૫ | તલ કાળા | ૨૩૩૦ | ૪૪૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૯૦ | ૨૪૨૦ |
| ૭ | બાજરો | ૩૩૦ | ૪૦૦ |
| ૮ | જુવાર | ૫૨૧ | ૬૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૫૬૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૮૨ |
| ૧૧ | મકાઈ | ૨૦૦ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૩૨૦ | ૧૭૩૫ |
| ૧૩ | અડદ | ૧૦૩૦ | ૧૪૪૫ |
| ૧૪ | ચણા | ૨૦૦૨ | ૧૧૬૫ |
| ૧૫ | સફેદ દેશી | ૧૨૩૧ | ૧૨૩૧ |
| ૧૬ | છોલે ચણા | ૧૧૫૦ | ૧૭૩૫ |
| ૧૭ | તુવેર | ૧૧૮૦ | ૧૨૩૦ |
| ૧૮ | કપાસ | ૮૨૫ | ૧૫૯૬ |
| ૧૯ | એરંડા | ૧૧૫૫ | ૧૨૪૮ |
| ૨૦ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૦૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૨૨ | મેથી | ૬૦૦ | ૮૯૦ |
| ૨૩ | સોયાબીન | ૭૯૬ | ૮૩૧ |
| ૨૪ | રજકાનુ બી | ૪૨૫૦ | ૬૯૭૫ |
| ૨૫ | વરીયાળી | ૧૧૫૫ | ૧૪૦૦ |
| ૨૬ | કાંગ | ૨૭૫ | ૪૮૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૦૦ | ૧૦૦૮ |
| ૨ | શીંગ નવી | ૭૦૦ | ૯૪૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૮૦ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૨૫૧ |
| ૫ | જીરૂ | – | ૩૪૧૫ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૩ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૫૨૧ |
| ૯ | જુવાર | ૫૭૦ | ૭૫૧ |
| ૧૦ | મગ | – | ૧૩૦૦ |
| ૧૧ | અડદ | ૧૧૯૦ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૯ |
| ૧૩ | તુવેર | ૯૦૦ | – |
| ૧૪ | એરંડી | ૧૦૬૭ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૧૧૦ | ૧૧૭૦ |
| ૨ | કપાસ જુનો | ૧૫૦૮ | ૧૫૩૨ |
| ૩ | તલ સફેદ | ૧૪૭૦ | ૧૯૦૦ |
| ૪ | જીરૂ | ૨૮૮૫ | ૩૪૮૫ |
| ૫ | ઘઉં | ૪૭૨ | ૫૧૮ |
| ૬ | અડદ | ૯૨૫ | ૧૧૩૫ |
| ૭ | મગ | ૧૦૪૦ | ૧૩૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૦૦ | ૧૪૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૬૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૮ | ૫૫૩ |
| ૪ | મેથી | ૬૨૦ | ૭૩૫ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| ૬ | ચણા | ૮૦૦ | ૧૦૫૨ |
| ૭ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૯ | બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૧ | શીંગફાડા | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૨ | લસણ | ૪૦૫ | ૪૦૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૮૦ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૭૦૦ | ૧૦૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૪૩ | ૫૪૩ |
| ૪ | તુવેર | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૫ | ધાણા | ૭૫૦ | ૧૩૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૧૬૦ | ૧૩૨૦ |
| ૭ | બાજરો | ૩૧૨ | ૩૨૬ |
| ૮ | મગ | ૮૭૦ | ૧૫૪૧ |
| ૯ | સોયાબીન | ૭૩૫ | ૭૩૫ |
| ૧૦ | ચોળી | ૭૬૦ | ૭૬૦ |
| ૧૧ | સફેદ તલ | ૧૪૯૧ | ૧૪૯૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૬૧૦ | ૧૯૩૫ |
| ૨ | તલ કાળા | ૩૬૬૦ | ૩૬૬૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૧ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૦૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| ૬ | જુવાર | ૬૭૨ | ૮૦૦ |
| ૭ | ચણા | ૬૫૦ | ૧૨૦૦ |
| ૮ | ધાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૯ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ૧૦ | કાંગ | ૬૦૫ | ૬૦૫ |


## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૨૨/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) રૈયાણી હંસાબેન પરશોત્તમભાઈ, રહે.પિયાવા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી — તા.૦૨/૦૯/૨૦૨૫

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **રૈયાણી હંસાબેન પરશોત્તમભાઈ**ની પુત્રી **રૈયાણી સુરેખા પરશોત્તમભાઈનો જન્મ તા. ૦૮/૦૫/૧૯૮૧ના રોજ મુ.પિયાવા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૧૯/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) દેલાણીયા ધીરૂભાઈ ગાંડાભાઈ, રહે.મોટા ઝિંઝુંડા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી — તા.૦૨/૦૯/૨૦૨૫

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટા ઝિંઝુંડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **દેલાણીયા ધીરૂભાઈ ગાંડાભાઈ**ના પુત્ર **દેલાણીયા વિનુભાઈ ધીરૂભાઈનો જન્મ તા. ૦૬/૧૧/૧૯૯૩ના રોજ મુ.મોટા ઝિંઝુંડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૦૩/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) કથીરિયા અશ્વીનભાઈ વલ્લભભાઈ, રહે.નેસડી, તા.સાવરકુંડલા, જિ. અમરેલી — તા.૨૫/૦૮/૨૦૨૫

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **કથીરિયા અશ્વીનભાઈ વલ્લભભાઈ**ના બહેન **કથીરિયા રેખાબેન વલ્લભભાઈનો જન્મ તા. ૧૫/૦૮/૧૯૭૫ના રોજ મુ.નેસડી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૫/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૨૦/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) સોલંકી હિમતભાઈ ઉકાભાઈ, રહે.ગોકુળ નગર પિયાવા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી — તા.૦૨/૦૯/૨૦૨૫

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **સોલંકી હિમતભાઈ ઉકાભાઈ**ની પુત્રી **સોલંકી સરીતાબેન હિમતભાઈનો જન્મ તા. ૦૪/૦૨/૨૦૦૩ના રોજ મુ.પિયાવા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# સાવરકુંડલાના ડેડકડી ગામનું જળસંચય મોડેલ તાલુકાનું શ્રેષ્ઠ કાર્ય






સાવરકુંડલા તાલુકાનું ડેડકડી ગામ આજે જળસંચયના શ્રેષ્ઠ કાર્યમાટે એકઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડે છે. વર્ષો સુધી ગામમાં પાણીના તળ ખૂબજ ઊંડાહતા. ગ્રામજનોનેપીવાના પાણી માટે પણ કિલોમીટરો દૂર જવું પડતુંહતું, બોરવેલખોદવા છતાંપાણી મળતુંનહોતુંઅથવા ૭૦૦થી ૧,૦૦૦ ફૂટ સુધી ખોદ્યા પછી જ પાણી મળી આવતુંહતું. પરંતુછેલ્લાકેટલાકવર્ષોમાં ગામજનો અને આગેવાનોના સંકલ્પથી ડેડકડી ગામે સોસ ખાડા બનાવીને જળસંચયનો એક અનોખો પ્રયોગ કર્યો છે, જેના પરિણામે પાણીના તળ૨૦૦થી ૩૦૦ફૂટ સુધીઆવી ગયા છે. ગામમાંઅત્યાર સુધીમાં ૧૨૦થીવધુ ઘરોમાં સોસ ખાડા બનાવવામાં આવ્યા છે. આ ખાડા ૮ થી ૧૨ ફૂટ ઊંડા રાખવામાંઆવેછે. તેમાંવરસાદી પાણી, ઘરેલું વપરાશી પાણી તેમજ ગટરના પાણીનોપ્રવાહ જોડવામાંઆવે છે. જેથી પાણી સીધું જ ભૂગર્ભમાં પહોંચે. આ કારણે એક તરફ ઘરોની બહાર કે શેરીઓમાં પાણીભરાતું નથી અને બીજી તરફ ભૂગર્ભ જળ સ્તરમાં વધારો થાય છે. ગામના રહેવાસી રમેશભાઈ દિહોરા જણાવે છે કે અગાઉ ડેડકડી ગામમાં પાણીના તળ ૭૦૦ થી ૧,૦૦૦ ફૂટ સુધી હતા, જેના કારણે ગામમાં પાણીની તંગી ગંભીર હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સમગ્ર ગામમાં સોસ ખાડા બનાવવા માટે પ્રેરણા આપી. હવે ગામની અંદર સરેરાશ ૨૦૦ થી ૩૦૦ ફૂટ સુધી પાણીના તળ જોવા મળે છે. આ પરિવર્તન માત્ર જળસંચયના આયોજનબદ્ધ પ્રયત્નોનું ફળ છે. ડેડકડી ગામની મહિલાઓ પણ આ કાર્યમાં પાછળ નથી. લતાબેન મણીરામભાઈ અગ્રાવત જણાવે છે કે તેમના ઘરે ૧૦ફૂટ ઊંડો સોસ ખાડો બનાવવામાં આવ્યો છે. તેમાં વરસાદી પાણી ઉપરાંત ઘરનું વપરાશી પાણી, રસોડાનું પાણી અને ગટરનું પાણી પણ નાખવામાં આવે છે. આથી પાણી શેરીમાં ન ભરાય, મચ્છર-માખી ન ફેલાય અને પાણી જમીનમાં ઉતરી જળસંગ્રહનું કાર્ય કરે છે. આવા નાના-નાના પ્રયોગો ઘરગથ્થુ સ્તરે કરવામાં આવતા સમગ્ર ગામમાં મોટી અસર પડી છે. ડેડકડી ગામમાં અગાઉ તળાવ અને અન્ય પરંપરાગત જળ સ્ત્રોતો હોવા છતાં પાણીનો સ્તર નીચે જતો રહ્યો હતો. કારણ કે વરસાદી પાણી સપાટી પર એકઠું થતું, ધીમે ધીમે બાષ્પીભવન થતું અથવા બિનજરૂરી રીતે વહી જતું. પરંતુ સોસ ખાડા દ્વારા વરસાદી પાણી સીધું ભૂગર્ભ સુધી પહોંચાડવામાં આવે છે. આ પદ્ધતિ તળાવ કે કુવામાં પાણી ભેગું કરવાની તુલનાએ વધુ અસરકારક સાબિત થઈ છે. ડેડકડી ગામના લોકો સમજયા કે પાણી વિના જીવન અશકય છે. પાણીની તંગીમાંથી મુક્ત થવા માટે તેમણે એકજૂટ થઈને આ કામ હાથ ધર્યું. દરેક ઘરમાં સોસ ખાડા બનાવવામાં આવ્યા, ગામની ગલીઓમાં પણ પાણીનું વહન સંકલિત રીતે ખાડાઓ સુધી પહોંચે તે માટે વ્યવસ્થા કરવામાં આવી. ગામમાં પાણીના તળ ૭૦૦-૧૦૦૦ ફૂટથી ઘટીને હવે ૨૦૦-૩૦૦ ફૂટ સુધી આવી ગયા છે. પીવાના પાણીની તંગીમાંથી ગામજનોને રાહત મળી છે. ઘરોની બહાર કે શેરીઓમાં વરસાદી પાણી કે ગટરના પાણી ભરાતાં નથી. સ્વચ્છતા અને આરોગ્ય પર સકારાત્મક અસર પડી છે. ભૂગર્ભ જળસ્તરની વૃદ્ધિને કારણે ખેતી માટે પાણી ઉપલબ્ધ થવા લાગ્યું છે. ડેડકડી ગામે સાબિત કર્યું છે કે જો ગામજનો સંકલ્પ લે તો પાણીની કમી જેવી ગંભીર સમસ્યા પણ દૂર કરી શકાય છે. પાણી માટે સરકાર કે બહારની એજન્સી પર માત્ર નિર્ભર ન રહી, પરંતુ જાતે જ ઉપાય હાથ ધરવાથી પરિવર્તન શકય બને છે. ડેડકડી ગામનું આ મોડેલ માત્ર સાવરકુંડલા તાલુકા માટે જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે પ્રેરણાસ્ત્રોત બની શકે છે. ખાસ કરીને એવા વિસ્તારોમાં, જયાં દર વર્ષે પાણીની અછત અનુભવાય છે, ત્યાં ડેડકડી ગામનો આ પ્રયોગ માર્ગદર્શક બની શકે છે. જળસંચય આજના સમયમાં સૌથી મહત્વપૂર્ણ કાર્ય છે. વરસાદી પાણીનું યોગ્ય સંચાલન થતું હોય તો જ ભૂગર્ભ જળ સ્તર જળવાઈ શકે. ડેડકડી ગામે આ કાર્યમાં આગેવાની લીધી છે અને સોસ ખાડાની સરળ પદ્ધતિ અપનાવીને અશકય લાગતી સમસ્યાનો ઉકેલ લાવ્યો છે. આ જ કારણ છે કે આજે ડેડકડી ગામ સાવરકુંડલા તાલુકામાં જળસંચય માટે શ્રેષ્ઠ કાર્ય કરનાર ગામ તરીકે ઓળખાઈ રહ્યું છે.

## અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભાના DLSS ખેલાડીઓનો હેન્ડબોલ રમતમાં રાજયકક્ષાએ અવિરત દબદબો



અમરેલી, તા. ૧૩

તારીખ ૯ અને ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ હેન્ડબોલ એસોસિએશન ગુજરાત દ્વારા આયોજીત મીની હેન્ડબોલ રાજયકક્ષાની સ્પર્ધાનું આયોજન રાજપીપળા (નર્મદા) ખાતે થયું હતું. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના DLSS ભાઈઓ અને બહેનો ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ. તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના વિદ્યાર્થી ભાઈઓમાં (૧) ડૂડવે નરેશ ધો.૭, (૨) જાળું કાર્તિક ધો.૬, (૩) ઝાપડીયા યશ ધો.૭, (૪) વાઘેલા રાહુલ ધો.૬, (૫) દેસાઈ કર્તવ્ય ધો.૭, (૬) જળુંસિદ્ધરાજ ધો.૮, ૭) સાંગાણી દેવમ ધો.૭, (૮) ખાવડીયા રોહિત ધો.૬, (૯) સાંકળિયા મીત ધો. ૬, (૧૦) તાવિયા કુલદીપ ધો.૭, (૧૧) સાંખટ પૃથ્વી ધો.૭, (૧૨) ખાંદલ વ્રજ ધો.૬, ભાઈઓની ટીમે સુવર્ણ પદક પ્રાપ્ત કર્યો. તેમજ બહેનોની ટીમે (૧) મકવાણા દ્રષ્ટિ ધો.૮, (૨) મકવાણા અક્ષરા ધો.૭, (૩) સોલંકી કૃપા ધો.૬, (૪) જાદવ નિરાલી ધો.૭, (૫) મકવાણા ક્રિષ્ના ધો.૬, (૬) તાવિયા દ્રષ્ટિ ધો.૬, (૭) સોલંકી સૃષ્ટિ ધો.૬, (૮) ડાભી સાક્ષી ધો.૬, (૯) મકવાણા પૂજા ધો.૫, (૧૦) મેર કૃતિક્ષા ધો.૭, (૧૧) જાદવ રેન્સી ધો.૫, (૧૨) જાંબુકીયા ધ્રુવિકા ધો.૫ ટીમે કાંસ્ય પદક પ્રાપ્ત કરેલ. જે અમરેલી જિલ્લા માટે ગૌરવવંતુ છે આ તકે ખાસ ઉપસ્થિતમાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, ગિરીશભાઈ ભીમાણી, એમ.કે. સાવલીયા, શૈલેષભાઈ વઘાસીયા, સી.વી. ગોન્ડલીયાએ ખેલાડીઓને અને કોચ રવિભાઈ નાવડિયા-ટ્રેનર કમલેશભાઈ ભાલીયા કાજલબેન ડાંગરને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## "એક પેડ મા કે નામ ૨.૦" અભિયાન અંતર્ગત રાંઢિયામાં વન મહોત્સવ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૩

આજરોજ રાંઢિયા ખાતે તાલુકા કક્ષાના વન મહોત્સવનો કાર્યક્રમ યોજાયો, જેમાં સાંસદ ભરત સુતરિયા અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ ગુજરાતને હરિયાળું અને સ્વસ્થ બનાવવા માટે વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણને પ્રોત્સાહન આપવું હતું. "એક પેડ મા કે નામ ૨.૦" અભિયાન હેઠળ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા અને વૃક્ષો વાવવાનો સંકલ્પ જનહિત માટે લેવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાંઢિયા તાલુકાના વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને સરકારી અધિકારીઓ પણ હાજર રહ્યા. સાથે મળીને વૃક્ષારોપણ કરવું માત્ર પર્યાવરણ માટે ફાયદાકારક જ નથી, પરંતુ ભવિષ્યની પેઢી માટે સ્વચ્છ અને તાજગી ભરેલો હવા, મજબૂત જમીન અને જીવન માટે જરૂરી જળ સંસાધનોની સુરક્ષા કરે છે. સાંસદ ભરત સુતરિયા અને કૌશિકભાઈ વેકરીયા દ્વારા વૃક્ષારોપણની પ્રક્રિયા પ્રેરણાદાયક રહી. તેમણે લોકોને પ્રેરણા આપી કે દરેક વ્યકિત ઓછામાં ઓછા એક વૃક્ષ વાવે અને તેની સંભાળ રાખે, જેથી આ અભિયાન સફળ થઈ શકે. આ અભિયાનને સફળ બનાવવા માટે સ્થાનિક નાગરિકો, શાળા વિદ્યાર્થીઓ અને સત્તાધારીઓએ સહયોગ આપવાનો સંકલ્પ લીધો છે. તેમણે પર્યાવરણ રક્ષાને પોતાની જવાબદારી માનતા વધુમાં વધુ વૃક્ષો વાવવાના પ્રયત્નોની ખાતરી આપી. "હરિયાળું ગુજરાત -સ્વસ્થ ગુજરાત"ના સંદેશને આગળ વધારતા, દરેક નાગરિકને પણ "એક પેડ મા કે નામ" અભિયાનમાં જોડાઈ પ્રકૃતિને સુરક્ષિત કરવાનો સંકલ્પ કરવો જરૂરી છે. આવો, આપણે સૌ મળીને એક સ્વચ્છ, હરિયાળું અને પર્યાવરણ માટે પ્રતિબદ્ધ ગુજરાત બનાવીએ.

કુલ મળીને આ કાર્યક્રમ માત્ર વૃક્ષારોપણ પૂરૂ કરવા માટે જ નહિ, પરંતુ પર્યાવરણ જાગૃતિ વધારવા અને ભવિષ્ય માટે સકારાત્મક પરિવર્તન લાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું રહ્યું.

## તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સાવરકુંડલાનાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને સેવાકીય હોસ્પિટલનો એવોર્ડ એનાયત

### સમગ્ર સૌરાષ્ટ્રમાંથી માત્ર ૧ હોસ્પિટલની પસંદગી



સાવરકુંડલા, તા. ૧૩

તાજેતરમાં અમદાવાદ ખાતે ધ ગ્રાન્ડ ભગવતી હોટલમાં "ન્યૂઝહેલ્થ કાક્લેવ તથા ધનવંતરી સન્માન ૨૦૨૫" સમારોહ યોજાયેલ, આ અનોખા કાર્યક્રમમાં ગુજરાતની ઘણી બધી હોસ્પિટલ નોમિનેટ થયેલ પરંતુ અંતે કુલ૯ સેવાકીય હોસ્પિટલની એવોર્ડ માટે પસંદગી થયેલ. ગૌરવની વાત એ છે કે સમગ્ર સૌરાષ્ટ્રમાંથી એકમાત્ર લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની પસંદગી થયેલ. કાર્યક્રમમાં સૌપ્રથમ આરોગ્ય મંદિરની એક સુંદર અને નિસ્વાર્થ સેવાને બિરદાવતી ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી અને ત્યારબાદ આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ તથા અમદાવાદના ખ્યાતનામ કાર્ડિયોલોજિસ્ટ અને પદ્મભૂષણ એવા ડો. તેજસ પટેલના વરદહસ્તે "વીટીવી ન્યુઝ ધન્વંતરી સન્માન ૨૦૨૫" એવોર્ડ એનાયત કરવામાં આવ્યું. આ સન્માન આરોગ્ય મંદિરના પરિવારના દરેક સભ્ય માટે ગૌરવની વાત છે. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે તેમના વકતવ્યમાં આરોગ્ય મંદિરની સેવાને સુંદર શબ્દોથી બિરદાવ્યા હતા. આરોગ્ય મંદિર છેલ્લા ૧૦ વર્ષથી સતત સેવાકાર્યમાં અગ્રેસર રહ્યું છે. આજ દિન સુધી ૨૩ લાખથી વધુ દર્દીનારાયણોને નિઃશુલ્ક સેવા મળી છે, જેમાં સારવાર, નિદાન, ઓપરેશન, રહેવું અને જમવું તમામ સુવિધાઓ સંપૂર્ણ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી છે. સંસ્થામાં હાલમાં ૯૦ જેટલા મેડિકલ તથા ૯૯ જેટલા નોન-મેડિકલ સભ્યો સમર્પણભાવથી સેવા આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થાનો વ્યાપ હવે માત્ર અમરેલી જિલ્લો જ નહિ પરંતુ અહી મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ સહિત વિવિધ રાજયોમાંથી પણ દર્દીઓ સારવારઅર્થે આવતા રહે છે. સમાજના દરેક વર્ગ માટે આશીર્વાદ સમાન આ સેવા કાર્ય, દર્દીનારાયણોના જીવનમાં નવી આશા અને આરોગ્યનું પ્રકાશ ફેલાવતું રહ્યું છે. આ સફળતા અને સતત સેવાપ્રવાહ પાછળ પરમ પૂજય મોરારીબાપુના આશીર્વાદ અને પ્રેરણા રહેલા છે, જે સંસ્થાને નવી દિશા અને ઉર્જા પ્રદાન કરે છે. આજે પ્રાપ્ત થયેલું ધન્વંતરી સન્માન માત્ર આરોગ્ય મંદિરનું નહીં પરંતુ દરેક સેવક, દાતા અને સહયોગીઓનું સામૂહિક ગૌરવ છે. સંસ્થા ભવિષ્યમાં પણ આરોગ્ય સેવા ક્ષેત્રે વધુ સમર્પણ અને સેવાભાવથી આગળ વધતી રહેશે.

## મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અંતર્ગત સાવરકુંડલા ખાતે યોજાયેલ તાલુકા કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓની સિધ્ધિ

### રૂપિયા ૧૦ હજારનુ મળશે પ્રથમ ઈનામ



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ મુકામે તાલુકા કક્ષાની ' 'મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના'' અંતર્ગત વકૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ હતી જેમાં તાલુકાની જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જાદવ પુનમબેને " ઓપરેશન સિંદૂર" વિષય પર મનનીય વકતવ્ય આપી આ વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. અને સાથે સાથે રૂ.૧૦૦૦૦ હજાર પણ પુરસ્કાર રૂપે પ્રાપ્ત કર્યા છે. નંબર મેળવનાર જાદવ પૂનમબેનને માર્ગદર્શન શાળાના સિનિયર શિક્ષક જેન્તીભાઈ ખડદિયાએ અને આપાભાઈ માજરીયાએ આપ્યું હતું. વિજેતા પુનમબેનને અને માર્ગદર્શક શિક્ષકને શાળાના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાએ તથા નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, સમગ્ર ટ્રસ્ટીગણ અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન સાથે જિલ્લા કક્ષાએ પણ સિધ્ધિ હાંસલ કરવા શુભકામનાઓ પાઠવી છે.

## ગુજરાત વિધાનસભાનાં નાયબ સેકશન અધિકારી તરીકે સંજય ખખ્ખર



ચલાલા, તા. ૧૩

લોહાણા યુવા સંગઠ્ન, ગાંધીનગરના પૂર્વ પ્રમુખ, જલારામ સેવા સમાજ, ગાંધીનગરના પૂર્વ કારોબારી સભ્ય, ગુજરાત વિધાનસભા કર્મચારી યુનિયના પૂર્વ પ્રમુખ, પરમ પૂજય જલારામ બાપાના કૃપા પાત્ર આજીવન પદયાત્રી એવા સંજયભાઈ ખખ્ખર કે, જેઓ ગુજરાત વિધાનસભામાં ડેપ્યુટી સેકશન ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તેઓને આજરોજ ડેપ્યુટી સેકશન ઓફીસરમાંથી 'સેકશન ઓફીસર' તરીકે પ્રમોશન મળેલ છે. તે બદલ રઘુવંશી સમાજમા હર્ષભેર આનંદની લાગણી વ્યાપેલ છે. ગુજરાત વિધાનસભાના આદરણીય સેક્શન ઓફિસર સંજયભાઈ ખખ્ખરને અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના સુપ્રીમો અને જુનાગઢ કોર્પોરેશનના પુર્વ ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેસા, અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના મહિલા અધ્યક્ષ શ્રીમતી સોનલબેન વસાણી, અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના પ્રભારી વિશાલભાઈ સોઢા, જુનાગઢના રઘુવંશી સમાજના અગ્રણી ડિપેનભાઈ રૂપારેલીયા, અમરેલી જીલ્લા રઘુવીર સેનાના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, સાવરકુંડલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ મશરૂ સહિતના રઘુવંશી સમાજના આગેવાનોએ હર્ષભેર આનંદની લાગણી વ્યકત કરી ખૂબ ધન્યવાદ અને અંતરથી અભિનંદન પાઠવેલ છે.

## જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને અમરેલી ખાતે જિલ્લા નળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઇ

### નળ કનેકશનની ૮૨૧ ગામમાં કામગીરી પૂર્ણ

અમરેલી, તા. ૧૩, જિલ્લા સેવા સદન અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર અતુલ સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે જિલ્લા કલેક્ટરે જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓ, નલ સે જલ યોજના અન્વયે પૂર્ણ થયેલી કામગીરીનો અહેવાલ મેળવ્યો હતો. ઉપરાંત જે કામગીરી પ્રગતિ હેઠળ છે તે બાબતે સમીક્ષા હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, પાણી પુરવઠા વિભાગના યાંત્રિક વિભાગ દ્વારા રીજુવીનેશન તથા ખાસ અંગભૂત કાર્યક્રમ અંતર્ગત કુલ ૫ ગામોને તાંત્રિક મંજુરી મળેલી છે જેને આ બેઠકમાં સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપવામાં આવી હતી. જેમાં હયાત બોર, સંપ પર પમ્પીંગ મશીનરીની કામગીરી સામેલ છે. ઉલ્લેખનીય છે કે, તા.૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ની સ્થિતિએ જિલ્લામાં ઓગમેન્ટેશન ટેપ કનેકિટવિટી ઈન રૂરલ એરિયા અને નલ સે જલ યોજના અન્વયે નળ કનેક્શન માટે ૮૨૧ ગામ અને પરાઓમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત જિલ્લાના ૨,૫૮,૨૧૯ ઘરને નળ કનેક્શન આપવામાં આવ્યા છે. જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં વાસ્મોના અધિકારી, અન્ય સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા પાલિકા દ્વારા આપાતકાલિન પરિસ્થિતિઓનો સામનો કરવા ડિઝાસ્ટર મેનેજમેન્ટની સઘન તાલીમ યોજાઈ



ગુજરાત સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવાના ભાગરૂપે, શહેરી વિસ્તારોમાં આપાતકાલીન પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રાદેશિક કમિશનરની સૂચનાથી યોજાયો હતો. આ તાલીમમાં વિવિધ નિષ્ણાતો દ્વારા કર્મચારીઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા ફાયર ઓફિસર હરેશભાઈ સત્યાજા અને તેમની ટીમે આગ અને અન્ય કુદરતી આપત્તિઓથી કેવી રીતે બચવું અને લોકોને કેવી રીતે મદદ કરવી તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, ૧૦૮ અમરેલી જિલ્લાના સુપરવાઈઝર નકવી અને તેમની ટીમે મેડિકલ ઈમરજન્સીમાં ૧૦૮ની સુવિધાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના મેહુલભાઈ વ્યાસ દ્વારા આપત્તિના સમયે પ્રાથમિક સારવાર (First Aid) કેવી રીતે આપવી તેનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, ચીફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામી, અને ૪૦૦થી વધુ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓને આપત્તિઓ દરમિયાન અસરકારક રીતે કામ કરવા માટે સજ્જ કરવાનો અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવાનો હતો. તાલીમ દરમિયાન, સહભાગીઓએ વિવિધ આપાતકાલીન પરિસ્થિતિઓ જેવી કે આગ, પૂર, અને અન્ય કુદરતી આપત્તિઓનો સામનો કેવી રીતે કરવો તે વિશે વ્યવહારૂ જ્ઞાન મેળવ્યું. આ તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે, જેનાથી નગરપાલિકાના કર્મચારીઓની ક્ષમતામાં વધારો થયો છે. આ પહેલથી શહેરી વિસ્તારોમાં આપાતકાલીન પ્રતિભાવ પ્રણાલી વધુ મજબૂત બનશે અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થશે.

## નવનિયુક્ત પ્રમુખ પ્રતાપ દુધાતને બદલવામાં આવે તેવી સંભાવના

# અમરેલી જિલ્લામાં કોંગ્રેસ નવા જિલ્લા પ્રમુખની શોધમાં

**કોંગી હાઈકમાન્ડ દ્વારા જિલ્લાનાં કાર્યકર્તાઓ અને આગેવાનો પાસેથી સલાહ-સુચન લેવામાં આવી રહ્યા છે**

**બિન પાટીદાર કોંગ્રેસી આગેવાનને જવાબદારી સોંપવામાં આવે તો નવાઈ નહી**

**સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને હવે ૩ થી ૪ મહિના બાકી હોય હાઈ કમાન્ડ સક્રીય**

**અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષમાં હતાશાનો માહોલ હોય પ્રમુખ પદનો કાંટાળો તાજ કોઈ પહેરવા તૈયાર નથી**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ પક્ષની હાલત અતિ દયનીયબનીરહીછે. માત્ર વર્ષ૨૦૧૫ની સ્થાનિક સ્વરાજ અને વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં પાટીદારોનાં કારણેકોંગ્રેસપક્ષનેસફળતામળ્યાનેબાદ કરતાં કોંગ્રેસ પક્ષ દિનપ્રતિદિન કંગાળ હાલતમાંઆવીચુકયોછે.

તાજેતરમાંકોંગીહાઈકમાન્ડે સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતનેજિલ્લાપ્રમુખપદનીજવાબદારી સોંપેલ પરંતુ તેઓ રાહુલ ગાંધીની ગુજરાતનીબંનેમુલાકાતમાંહાજરનરહેતાં કોંગી હાઈકમાન્ડે પ્રતાપ દુધાત વિરૂધ્ધ નારાજગીવ્યકતકરીછેઅનેહવેતેઓને બદલાવીને બિન પાટીદાર કોંગીજનને જિલ્લાપ્રમુખનીજવાબદારીસોંપવામાં આવે તેવી સંભાવનાઓ જોવા મળી રહીછે.

અમરેલી જિલ્લાનાં કોંગી કાર્યકરો૩૦વર્ષથીસતતહારનોસામનો કરતાં હોય તોટાભાગનાં કાર્યકરો હતાશામાંફસાઈ ગયાછે. અનેકકાર્યકરો અને આગેવાનો કોંગ્રેસ પક્ષમાં કોઈ રાજકીય ભવિષ્ય નથી તેમ માનીને ભાજપમાં જોડાઈ ગયા છે અને હાલ કોંગ્રેસપક્ષતેમનાંદાયકાઓનાંકાર્યકાળ માં સૌથી વધારે મુશ્કેલીના સમયનો સામનોઅમરેલીજિલ્લામાંકરીરહ્યાછે.

આગામી ૪ મહિના બાદ જિલ્લાપંચાયત, તાલુકાપંચાયતઅને ૩ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ આવીરહીહોયછતાંપણકોંગ્રેસપક્ષમાં ચેતનાનો કોઈ સંચાર જોવા મળતો નથી.

---

### બે અજાણ્યા ઈસમો ભોળવી ગયા

## રાજુલામાં ધુડીયા આગરીયા ગામનાં યુવક સાથે ૧૫ હજારની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાના ધુડીયા આગરીયા ગામે બજરંગદાસ બાપાના મંદીર પાસે રહેતા પ્રકાશભાઈ પ્રાગજીભાઈ વણજર નામના૨૬ વર્ષિય


અનુસંધાન પાના ૬ ઉપર

---

### અસહ્ય બફારા વચ્ચે ઠંડક પ્રસરી

## લાઠી પંથકમાં રાત્રિનાં સમયે પુનઃ મેઘાની પધરામણી થઈ

**તાજપર, રામપર સહિતનાં ગામોમાં પણ વરસાદ**



અમરેલી, તા. ૧૩

લાઠી પંથકમાં આજે રાત્રિના સમયે અસરય બફારા વચ્ચે મેઘરાજાની પુનઃ પધરામણી થઈ હતી.

શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારનાં તાજપર, રામપર, પ્રતાપગઢ, નાના રાજકોટ સહિતના ગામોમાં પણ વરસાદ હોવાનાં વાવડ મળીરહયાછે.

---

### સતત બીજા દિવસે વરસાદી માહોલ

## જાફરાબાદના કોસ્ટલ બેલ્ટ હાઈવે ઉપર ધીમી ધારે વરસાદ પડયો

**મેઘાની વિદાયનાં સમયે બાય બાય વરસાદ**



અમરેલી, તા. ૧૩

જાફરાબાદ પંથકમાં ગઈકાલ બાદ આજે પણ કોસ્ટલ બેલ્ટ હાઈવેઉપરવરસાદનાંવાવડમળીરહયા છે.

મેઘરાજાની વિદાય થવાની ગણતરીની કલાકો બાકી હોય ત્યારે, બાયબાય વરસાદ હોય તેવુ જોવા મળી રહયુંછે.

---

### મોંઘવારીનાં માહોલમાં ચોરીનું પ્રમાણ વધ્યુ

## ધારીમાં તસ્કરોએ એકી સાથે ૪ દુકાનોમાં ખાખાખોળા કર્યા

**રૂપિયા ૨૮૫૦૦ની ચોરી કરી રવાના થયા**



અમરેલી, તા. ૧૩

ધારી શહેરમાં ગત રાત્રે તસ્કરોએ ચાર દુકાનોને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપી હતી. ચોરો દુકાનોના તાળા તોડી અંદર પ્રવેશ્યા અને કુલ રૂા. ૨૮,૫૦૦ની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયા. ઘટનાથી વેપારીઓમાં ભારે નારાજગી અને ભયનું વાતાવરણ જોવા મળ્યું છે.

અનુસંધાન પાના ૬ ઉપર

---

### રાજુલા શહેર જેવી ઘટના બની

## બગસરાનાં યુવક સાથે ઓનલાઈન ટ્રાન્સફર કરી આપુ છુ તેમ કહી ૫ હજારની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૩

બગસરા ગામે આવેલ નટવરનગરમાં સીદ્દકી મસ્જીદ પાસે રહેતા મહંમદનદીમ હુસેનભાઈ ચાનીયા નામના ૩૦ વર્ષિય યુવક ગત તા.૯/૮ના રોજ રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે નટવરનગરમાં આવેલ હુસેની ચોક પાસેના એ.ટી.એમ.ની બહાર ઉભા હતા ત્યારે યુવક સાથે ઠગાઈ કરવાના ઈરાદે એક અજાણ્યા ઈસમે કહેલ કે મારે પૈસા ઉપાડવા છે, અને હું મારૂ એ.ટી.એમ. કાર્ડ ઘરે ભુલી

અનુસંધાન પાના ૬ ઉપર

---

### માનવ વસાહતમાં રાની પશુઓની રોજિંદ આવન-જાવન

## રાજુલાના ભચાદર ગામે ૩ સિંહોનાં આંટાફેરા : બે પશુઓનું કર્યુ મારણ

**વન અધિકારીએ રાત્રિનાં સમયે ઘર બહાર ન નીકળવા જણાવ્યું**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભચાદર ગામે આજે સિંહોના આંટાફેરાથી ગ્રામજનોમાં ભારે ચકચાર મચી ગઈ. માહિતી મુજબ, શિકારની શોધમાં આવેલા ત્રણ સિંહોએ ગામની સીમમાં પ્રવેશ કર્યો હતો. આ દરમિયાન બે પશુઓ પર હુમલો કરી તેમનું મારણ કર્યુંહતું. ઘટનાથી ગામમાં ફફડાટ ફેલાયો હતો અને લોકો ભયભીત બન્યા હતા.



સિંહોના આંટાફેરાની જાણ થતા તાત્કાલિક વનવિભાગની ટીમ ગામે પહોંચી અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યુ. સાથે જ, ગામજનોને સાવચેત રહેવા તથા રાત્રિના સમયમાં ઘરની બહાર ન નીકળવા અનુરોધ કર્યો. વન અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તાર સિંહોના કોરિડોરમાં આવતો હોવાથી કયારેક શિકારની શોધમાં તેઓ ગામની આસપાસ આવી જાય છે.

ગામજનો દ્વારા મારણ થયેલા પશુઓ માટે વળતરની પ્રક્રિયા શરૂ કરવા માંગણી કરવામાં આવી છે. વન વિભાગે પણ ખાતરી આપી છે કે નિયમ મુજબ વળતર આપવામાં આવશે. આ ઘટના ફરી એકવાર સ્પષ્ટ કરે છે કે ગીર વિસ્તારના સિંહો માનવ વસાહતના નજીક આવતા રહે છે, જેના કારણે માનવ અને વન્યજીવન વચ્ચેનું સંતુલન જાળવવું અગત્યનું બની રહ્યું છે.

---

### ભારે ઉકળાટ અને બફારા વચ્ચે

## બાબરા પંથકમાં બપોર બાદ વરસાદનુ જોરદાર ઝાપટુ પડી ગયુ

**શહેરનાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા**

બાબરા, તા. ૧૩

બાબરામાં આમ તો વરસાદ સાંવ વિરામ લઈ લીધો છે ખૂબ સારા પ્રમાણમાં વરસાદ પડતાં ધરતીપુત્રો પણ ખુશ થઈ ગયા છે હાલ ખેતીમાં કુલ મોસમ ચાલી રહી છે. ત્યારે આજે બપોર બાદ ભારે ગરમી અને ઉકળાટ વાતાવરણ કાળાડિબાંગ વાદળો સર્જાય જતા જોરદાર વરસાદ શરૂ થયો હતો. અડધો કલાકથી વરસાદ પડતાં શહેરની બજારોમાં પાણી દોડવા લાગ્યું હતું. ભારે ગરમી અને ઉકળાટના વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ રાહત અનુભવી હતી જોકે તાલુકામાં અમુક ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ જોવા મળ્યો હતો.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)